॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૪૦૩ સપ્ટેમ્બર - ૨૦૧૯

રૂા. ૫/૦૦




શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ લોગાનું વિમોચન, ભુજ











પવિત્ર શ્રાવણ માસમાં હિંડોળા તથા દાદાખાચરના ઓરડાની ઝાંખી - ભુજ



**પવિત્ર શ્રાવણ માસમાં હિંડોળા તથા દાદાખાચરના ઓરડાની ઝાંખી - અંજાર**



**પવિત્ર શ્રાવણ માસમાં હિંડોળા તથા દાદાખાચરના ઓરડાની ઝાંખી - માંડવી**



**શ્રી કૃષ્ણ જન્માષ્ટમી તથા મટકી ફોડ - ભુજ**



**સત્સંગ શિબિર શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડન, યુ.કે.**



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૪ કુલ અંક-૨૧૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૧ અંક-૪ સપ્ટેમ્બર-૨૦૧૯
સળંગ અંક-૪૦૨

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેક્સ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


## અનુક્રમણિકા


| | |
|---|---|
| – તંત્રીની કલમે | ૪ |
| – વચનામૃત દ્વિશતાબ્દી વર્ષ | ૫ |
| – ભગવાન ભક્ત ધર્મ ભક્તિનો મોક્ષચતુષ્ટય કરે માયાક્ષય | ૭ |
| – શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારી | ૯ |
| – મૂળજી બ્રહ્મચારી | ૧૧ |
| – વામનજયંતી | ૧૩ |
| – શ્રાદ્ધ | ૧૫ |
| – ગણેશ ચતુર્થી | ૧૬ |
| – સંત્સગ સમાચાર-દેશ | ૨૧ |
| – સંત્સગ સમાચાર-વિદેશ | ૨૮ |
| – બાલ સંદેશ | ૩૨ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# તંત્રીની કલમે



સૌ હરિભક્તોને જય શ્રી સ્વામિનારાયણ !

આ વખતના હિંડોળાની વિશિષ્ટતા હતી. સૌ આપણા શિખરબદ્ધ મંદિરોમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં દાદાખાચરના દરબારના દર્શન સૌએ ઉમંગથી કર્યા. ભવ્ય ભૂતકાળની ફરી વર્તમાનમાં ઝાંખી કરી.

આ અંક આપના હાથમાં આવશે ત્યારે જન્માષ્ટમી, ગણેશચતુર્થી, વામનજયંતી, ઋષિપંચમી વગેરે તહેવારો ઉજવાઈ ગયા હશે અને શ્રદ્ધાથી શ્રાદ્ધ પક્ષ ઉજવાઈ રહ્યો હશે.

વિઘ્નહર્તા શ્રીગણપતિજીને દરેક શુભકાર્યોમાં પ્રથમ સ્મરવામાં આવે છે. ભગવાન શ્રીસ્વામિનારાયણે આપણને પંચદેવને પૂજવાનો આદેશ આપેલ છે. તેમાં ભગવાન ગણપતિનું પણ સ્થાન છે. લોકમાન્ય તિલકે રાષ્ટ્રીય એકતા માટે ગણેશ ઉત્સવ ઉજવવાની શરુઆત કરેલી. પણ આપણા સંપ્રદાયમાં ભાદરવા સુદ ૪ ને દિવસે ગણપતિજીની પૂજા કરવી એવી શ્રીહરિની આજ્ઞા છે.

ભગવાન વામન વિષ્ણુના દશાવતારોમાં વિશિષ્ઠ સ્થાન ધરાવે છે. આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે વામનજયંતીએ એકાદશીનું વ્રત ભાવપૂર્વક કરવાનો આદેશ આપેલ છે. બલી રાજાએ વર્ષોની ધીરજ, તપશ્ચર્યા અને ૯૯ જેટલા યજ્ઞો સંપન્ન કરીને અર્જિત કરેલ સર્વસ્વ બધું જાણતા હોવા છતાં વામન ભગવાનનાં ચરણોમાં અર્પણ કરી દીધું દાનમાં આપી દીધું. તેથી બલી રાજાનું આ દાન બલીદાનનું સદા વિશેષ મહત્ત્વ રહે છે.

આપણા પર પિતૃઋણ, માતૃઋણ, દેવઋણ વગેરે છે. તેમ ઋષિઋણ પણ આપણા પર છે. આપણા દરેકના ગોત્ર ઋષિઓના નામ પરથી પડ્યા છે. ઋષિઓ આપણા પૂર્વજો છે. એમને આપણે ઋષિપંચમીએ યાદ કરીએ છીએ. વિશેષમાં રજસ્વલાધર્મ પાળવામાં થયેલી ચૂકને લીધે સ્ત્રીઓને જે પાપ લાગે છે તે પાપ જે સ્ત્રીઓથી જાણતાં-અજાણતા રજસ્વલાધર્મ ન પાળવાનું થયેલ હોય તે પાપ ઋષિપાંચમનું વ્રત કરવાથી દૂર થાય છે.

પિતૃઋણ ઉતારવા આપણે શ્રાદ્ધકર્મ દર વર્ષે તેમની તિથિએ શ્રદ્ધાથી કરી તેમને યાદ કરીએ છીએ.

સનાતન ધર્મ પ્રમાણે આપણે આપણા ઈષ્ટદેવને પૂજીએ છીએ, સત્કર્મો કરીએ છીએ. દાન કરીએ છીએ પણ અંગ્રેજ અફસર મેકોલે એ દાખલ કરેલી શિક્ષણ પધ્ધતિનું શિક્ષણ મેળવનારા આપણે શ્રેય અને પ્રેયમાં ફરક ઘણીવાર સમજી શકતા નથી.

આપણા વેદોએ તો ગાઈ-વગાડીને કહ્યું જ છે કે, ''અમને દશે દિશાઓમાંથી સારા વિચારો પ્રાપ્ત થાય.'' સારા વિચારો સારા વર્તનમાં પરિવર્તન પામે જ છે. દરેક સંસ્કૃતિઓના સારા તત્ત્વો હોય જ છે. પણ આપણે મનગમતું તરત જ સ્વીકારી લઈએ છીએ જે ખરેખર ઘણીવાર ત્યજવા જેવું હોય છે. પશ્ચિમી દેશોના માણસોમાં પ્રામાણિકતા જેવા ગુણો પણ હોય છે. એ લોકોમાં દેશદાઝે હોય છે, નિયમિત કરવેરા ભરતા હોય છે. કરચોરી કરતા નથી. આવા ગુણોનું અનુકરણ કરીએ તો ? જન્મદિવસે કેક કાપી, મીણબત્તી ઓલવીએ છીએ. ૩૧મી ડિસેમ્બર ન પીવાનું પીને ઉજવીએ છીએ ! આવું આવું સ્વીકારવાની શું જરૂર છે ? પશ્ચિમી સંસ્કૃતિનો વિરોધ નથી. દુનિયાની દરેક સંસ્કૃતિના સારા લક્ષણો-ગુણો જરૂર સ્વીકારીએ. અપલક્ષણો-દુર્ગુણો ન જ સ્વીકારીએ. સારું-નરસું, સાચું-ખોટું પારખતાં શીખીએ. આપણી સંસ્કૃતિ નષ્ટ કરવા માટે આપણી સારી બાબતોને પણ એ લોકોએ અંધશ્રદ્ધા કહી આપણા દિમાગમાં આપણી સંસ્કૃતિ પ્રત્યેનો અનાદર ભાવ ભરી દીધો છે. આપણા તહેવારો, આપણા દેવતાઓ આપણા ઈષ્ટદેવની એ લોકો મજાક ઉડાવે તો તેના સૂરમાં આપણે પણ આપણો સૂર શા માટે ભેળવીએ ?

કેટલીક સંસ્કૃતિઓમાં ધર્મને નામે કરોડો જીવોની બેરહેમી પૂર્વક કતલ કરવામાં આવે છે. અમુક વૃક્ષોનું એ લોકો મહત્ત્વ વધારે તો કંઈ નહીં પણ આપણે પીપળા, તુલસી,ગાયનું પૂજન કરીએ તો અંધશ્રદ્ધા અંધશ્રદ્ધા ગાઈ ગાઈને આપણા મનમાં આપણા ધર્મ પ્રત્યે દુર્ભાવ પેદા કરે છે. આપણે સાવધ રહેવાની ખૂબજ જરૂર છે. આપણા તહેવારો પૂર્ણભાવથી હેતથી ઉજવીએ. આપણા શાસ્ત્રોનું ગૌરવ જાળવીએ વધારીએ. આપણી વેશભૂષા - ધર્મના ચિહ્નો પ્રત્યે આદર કેળવીએ. એનો ત્યાગ હરગીજ ન જ કરીએ. દા.ત. કંઠી ધારણ કરવી, તિલક-ચાંદલો કરવો, શિખા રાખવી એની કોઈ મજાક ઉડાવે તો પણ ત્યાગ ન કરવો તે ન જ કરવો. ભલે ગમેતે દેશમાં ધંધાર્થે વસતા હોઈએ પણ દેવભાષા સંસ્કૃતનો મહાવરો રાખવો જ જેથી આપણા શાસ્ત્રોથી વિમુખ ન થઈએ. સંતોનો સમાગમ તો કરવો જ જેથી રસ્તો ચાંતરી ન જઈએ. શ્રીજી મહારાજ આવા સંકલ્પો દઢ કરવાની શક્તિ આપે. જય શ્રીસ્વામિનારાયણ !

# વચનામૃત દ્વિશતાબ્દી વર્ષ

ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી

**વચનામૃત જ્ઞાનનો અમૃતકુંભ છે.**
**(સોપાન :૧)**

ભગવાન શ્રીસ્વામિનારાયણે ગામ અને નગરોમાં સત્સંગ વિચરણ સમયે જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભગવદ્ભક્તિ સંબંધી જે ઉપદેશરૂપ વાર્તાઓ કરી છે તેનું પાંચ સંતોએ સંકલન કર્યું. તે ગ્રન્થનું નામ ''વચનામૃત'' રાખવામાં આવ્યું. ૩૦-૧૧-૨૦૧૯માં વચનામૃતને ૨૦૦ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. વચનામૃત ૨૦૦માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું ત્યારે વચનામૃત ૨૦૦ વર્ષ નિમિત્તે સ્વામિનારાયણ સંપ્રદાયમાં સર્વત્ર **''વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ''** મહાન્ વૈભવ સાથે ઉજવવામાં આવશે. આ ઉત્સવના ઉપલક્ષ્યમાં લાખોની સંખ્યામાં સંતો- હરિભક્તો વચનામૃતનું પઠન કરી રહ્યા છે. કેટલાક સંતો અને ભક્તો ૨૦૦ વખત વચનામૃત ગ્રન્થનો પાઠ કરવો, એવો નિયમ લીધો છે. તો કેટલાક ભક્તોએ ૧૦૦ વખત પાઠ કરવો એવો પણ નિયમ લીધો છે. કચ્છ જીલ્લાનું મથક ભુજ શહેરમાં આવેલ વિશાળ નયનરમ્ય સંગેમરમર શ્રીસ્વામિનારાયણ મંદિર (શ્રીનરનારાયણદેવ) દ્વારા વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ બહું મોટા પ્રમાણમાં ઉજવવામાં આવશે. એક વર્ષથી જેમની તેયારીઓ ચાલી રહી છે. સંતો ગામો-ગામ જઇને ''વચનામૃત ચિંતન'' સભાનું આયોજન કરીને વચનામૃતમાં આવેલ વ્યવહારીક જ્ઞાન તેમજ વેદાન્ત જ્ઞાનનું ચિંતન કરીને કથા-વાર્તાઓ દ્વારા જન જન સુધી પહોંચતું કરી રહ્યા છે.

**વચનામૃત ગ્રન્થનું સ્વરૂપ :-** વચનામૃતની સંખ્યા ૨૭૩ છે. બધાં વચનામૃતમાં મળીને એકંદરે ૬૧૫ પ્રશ્નો છે. તેમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વયં કૃપા કરીને સંતો-ભક્તોની આગળ વાર્તા કરી એવાં ૧૬૨ કૃપા વાક્યો છે. તથા ૧૩૮ ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વયં સભામાં પૂછેલા પ્રશ્નો છે. તેવીજ રીતે શ્રીમુક્તાનંદ સ્વામીના ૯૧ પ્રશ્નો છે. શ્રીગોપાળાનંદ સ્વામીના ૧૧ પ્રશ્નો છે. શ્રીનિત્યાનંદ સ્વામીએ ૨૫ પ્રશ્નો પૂછાયેલા છે. શ્રીશુકાનંદ સ્વામીએ ૨૧ પ્રશ્નો પૂછેલા છે. તથા શ્રીબ્રહ્માનંદ સ્વામીના ૧૭ પ્રશ્નો છે. તેમજ અન્ય નાના-મોટા સંતોએ ૯૬ પ્રશ્નો પૂછેલા છે. તેવીજ રીતે દેશ દેશાન્તરથી સભામાં આવેલા હરિભક્તો દ્વારા ૫૩ પ્રશ્નો પૂછાયેલા છે. આ પ્રમાણે એકંદરે પ્રશ્નોની સંખ્યા ૬૧૮ થાય છે. અર્વાચીનકાળમાં ગુજરાતી ગદ્યમાં લખાયેલું આ પ્રથમ વચનામૃત ગદ્ય સ્વરૂપ વૈદિક શાસ્ત્ર છે.

સ્વામિનારાયણ સંપ્રદાયનો વચનામૃત દાર્શનીક તેમજ વ્યવહારીક ગ્રંથ છે. વેદાન્ત અંતર્ગત જે છ આસ્તિક દર્શનો છે. તેમાં વેદાન્તનો ઉત્તરભાગ એટલે ઉત્તરમીમાંસા દર્શન જે કહેવાય છે. તે વેદાન્તજ્ઞાનની ધારામાંથી એક પ્રવાહ આ વચનામૃત છે. ઉત્તરમીમાંસામાં પરબ્રહ્મની ઓળખના સિધ્ધાંતો અથવા ચિંતન છે. જગદ્ગુરુ આદિ આચાર્ય શ્રીશંકરાચાર્યજીએ (૧) 'તત્ત્વમસિ' (૨)'અહં બ્રહ્માસ્મિ' (૩) 'પ્રજ્ઞાનં બ્રહ્મ' (૪) 'અયં આત્મા બ્રહ્મ' આ ચાર મહાવાક્યોનો આધાર લઈને અદ્વૈત સિધ્ધાંત પ્રવર્તાવ્યો. ત્યારપછી શ્રીરામાનુજાચાર્યજીએ જીવ, જગત્ અને ઈશ્વર એમાં ત્રણ તત્ત્વનું પ્રતિપાદન કરનારો વિશિષ્ટાદ્વૈતમતનું સ્થાપન કરીને સર્વત્ર પ્રચાર કર્યો. ત્યારપછી. શ્રીમધ્વાચાર્યજી, શ્રીવલ્લભાચાર્યજી આદિ પરમાચાર્યો તથા વિદ્વાનોએ દ્વૈત, શુધ્ધાદ્વૈત, દ્વૈતાદ્વૈત આદિ મતોનું સ્થાપન કર્યું.

શ્રીરામાનુજાચાર્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત આધારિત શ્રીવૈષ્ણવ સંપ્રદાયને પ્રવર્તાવ્યો. તેમજ શ્રીવલ્લભાચાર્યજીએ શુધ્ધાદ્વૈત આધારિત પુષ્ટીમાર્ગ પ્રવર્તાવ્યો. આ બન્ને સંપ્રદાયના વૃક્ષોમાંથી જ્ઞાનરૂપી એક ડાળ શ્રીરામાનુજ શ્રીવૈષ્ણવ સંપ્રદાયમાંથી અને સેવા-ભક્તિ રૂપી એક ડાળ વલ્લભ સંપ્રદાયમાંથી ઉધ્ધવ સંપ્રદાય

વિકસ્યો. જેને શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય પણ કહેવાય છે. આ ઉદ્ધવ સંપ્રદાયનો આધાર વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત છે. જગત્ગુરુ શ્રીરામાનંદ સ્વામી એ આદિ પ્રવર્તક છે. એમણે શ્રીસહજાનંદ સ્વામીને સંપ્રદાયની ધર્મધૂરા સોંપી. ઈ.સ.૧૮મી સદી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભગવાનની ભક્તિ સભર આ ઉદ્ધવ સંપ્રદાય સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે સ્વયં સહજાનંદ સ્વામીએ જીવનકાળમાં સ્વહસ્તે ત્રેવીશ સો (૨૩૦૦)ને જેટલા મુમુક્ષુઓને સંત દીક્ષા આપીને સૌને દેશ-દેશાન્તરમાં પ્રચાર-પ્રસાર કરવા માટે મોકલ્યા અને સ્વયં પણ ફર્યા. સંપ્રદાયના પાયારૂપ જે વૈદિક જ્ઞાન તે શ્રીરામાનુજાચાર્ય પ્રવર્તિત વિશિષ્ઠાદ્વૈત મતનો જ શ્રીસહજાનંદ સ્વામીએ સ્વમત તરીકે સ્વીકાર્યો છે. ‘‘ મતમ્ વિશિષ્ટાદ્વૈતમ્ મે’’ શિક્ષાપત્રમાં સ્વયં શ્રીહરિએ કહ્યું છે.

સહજાનંદ સ્વામીએ આ તત્ત્વજ્ઞાનને સ્પષ્ટ કરવા અને સમજાવવા જે મીમાંસા, ચિંતન, વ્યાખ્યા, વિશ્લેષણને જે ઉપદેશ કર્યો તે **‘વચનામૃત ગ્રન્થ’** બન્યો.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, માંડવી આયોજિત**

## શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહાયજ્ઞ મહોત્સવ એવં માંડવી શ્રી ઘનશ્યામ મહારાજ વિંશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં



# શ્રી જનમંગલયાગ



માંડવી શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણમહારાજ એવં શ્રી ઘનશ્યામ મહારાજના પવિત્ર સાંનિધ્યમાં શ્રી જનમંગલયાગનું સુંદર આયોજન થનાર છે.

વિ.સં. ૨૦૭૬ ફાગણ સુદ ૨, તા. ૨૫–૨–૨૦૨૦ થી ચૈત્ર વદ ૨, તા. ૧૦–૪–૨૦૨૦ સુધી ૪૫ દિવસ પર્યંત આયોજિત થનાર આ ઉત્સવમાં ૩૦ લાખ જનમંગલના પાઠ, ૬૦ લાખ માળા અને ૩૫ હજાર કિલો જવ અને તલના જાપ થશે.

આર્ષદૃષ્ટા ઋષિમુનિઓ દ્વારા યજુર્વેદમાં ઉક્ત પ્રાચીન યજ્ઞ પ્રણાલી અનુસાર દિવ્ય યજ્ઞશાળાનું ભવ્ય નિર્માણ થશે. યજ્ઞશાળામાં કોઈપણ જાતના આધુનિક યંત્રો ઉપયોગમાં લીધા વિના પ્રાચીન પરંપરા મુજબ યજ્ઞકુંડોના નિર્માણ થશે. પ્રતિદિન ૫૧–એકાવન જનમંગલના પાઠની આહુતિઓ આપવામાં આવશે.

પરિવારમાં સુખ–શાંતિ તેમજ જીવનનું પરમ શ્રેય સાધનાર આ મહાયાગનો સામાન્ય માનવી પણ લાભ લઈ શકે તે હેતુથી તેમની સેવા દિવસ એકના રૂા. ૪૧૦૦/– (સજોડે) રાખવામાં આવેલ છે.

આ મહાયાગમાં લાભ લેવા ઈચ્છતા ભક્તોને વધુ માહિતી આપેલા સંપર્ક નંબર પરથી પ્રાપ્ત થશે.

**કો. સ્વામી ભક્તિપ્રકાશદાસજી : ૯૫૮૬૨૩૦૪૯૭ સ્વામી કપિલમુનિદાસજી : ૮૦૦૦૮૦૦૦૯૨**

# ભગવાન ભક્ત ધર્મ ભક્તિનો મોક્ષચતુષ્ટય કરે માયાક્ષય

- હિંમ્મતભાઈ ઠક્કર - 'રઘુવંશી'

**શિક્ષાપત્રી શ્લોક : ૪૦**

**उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः ।**
**पुम्भिः स्पृश्या न वनितास्तत्र ताभिश्च पुरुषाः ॥**

"ઉત્સવના દિવસે તથા નિત્ય પ્રત્યે ભગવાનના મંદિરમાં આવેલા પુરુષો હોય તેમણે મંદિરને વિષે સ્ત્રીઓનો



સ્પર્શ કરવો નહિ. તથા સ્ત્રીઓ હોય તેમણે પુરુષોનો સ્પર્શ કરવો નહિ, અને મંદિરમાંથી નિસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું."

માનવ સંસ્કૃતિના આદિ પુરુષ મનુ મહારાજ તેમની દિવ્ય લેખિની દ્વારા જણાવ્યું છે કે - "જ્યાં સ્ત્રીઓનું સમ્માન થાય છે, ત્યાં દેવો પ્રસન્ન રહે છે."

મંદિર પરમાત્માનું પ્રાણપ્રતિષ્ઠિત મૂર્તિધામ છે. એમાં આવન-જાવન કરતા સત્સંગીઓએ પાડવાની મર્યાદાઓના માપદંડ આ રહ્યા.

- નિત્યપ્રત્યે એટલે કે ૩૬૫ દિવસ રોજિંદો વ્યવહારમાં
- ઉત્સવોમાં એટલે કે ભીડભાડમાં સ્ત્રી-પુરુષોએ સ્પર્શ-લોલુપતા ન રાખવી.
- અને મંદિરેથી નીસર્યા પછી સંસારીઓને શોભતો વ્યવહાર પોતપોતાની રીતે કરવો.

જર્મન ચિંતક કવિ અને ભારતીય સંસ્કૃતિના ચાહક શ્રીમાન ગેથેએ માનવ વિષે આવું ચિંતન કર્યું છે : "પ્રવૃત્તિઓનો સર્વોત્તમ વિકાસ એકાંતમાં થાય છે પણ ચારિત્ર્યનું સુંદર નિર્માણ ઝંઝાવાતમાં પણ થઈ શકે છે."

સત્સંગીઓ માટે ઉત્સવો અને ભીડ તેમને ઉત્તમ બનાવવા મોકો આપે છે. આપણે તે મોકો જવા દેવા જેવો નથી. સત્સંગી તો શિસ્તબદ્ધ શોભે.

બંગાળમાં સંત રામકૃષ્ણ પરમહંસે બોધ આપ્યો છે : "સ્વાસ્થ્ય અને સંયમ ચારિત્ર્યનાં બે ફેફસાં છે." શ્વાસમાં શ્વસતો માનવ જીવંત છે. સ્વસ્થ હોય અને સંયમિત બને તો સહજપણે ચારિત્ર્ય આવે છે.

ધર્મશાસ્ત્ર હિતોપદેશ માનવનું ભલું આ પ્રમાણે ઈચ્છે છે, "ખરાબ ચારિત્ર્યવાળા માણસની મિત્રતા કરશો નહિ. તેની ઓળખાણ પણ કરશો નહિ. સળગતો કોલસો હાથ દઝાડે છે, ઠંડો હાથ કાળા કરે છે." માનવ મહેરામણ ઉભરાય તેવે વખતે વાસનાથી ન દાઝો ન દઝાડો ને ન કાળા હાથ કરો-કરાવો.

પરમાત્માએ માનવને આ માયાવી જગત તે જાણી-માણી શકે, કર્મો કરી શકે તે માટે પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર આપી વ્યાપક સ્વાતંત્ર્ય બક્ષ્યું છે. આંખ, કાન, નાક, જિહ્વા અને ત્વચા એટલે કે દશ્યાનુભવ, શ્રવણાનુભવ, શ્વસનાનુભવ, વાચાનુભવ અને સ્પર્શાનુભવ માણી શકાય. ઈન્દ્રિયો ઉર્ધ્વિકરણ માટે છે.

માનવ માટે 'સ્વસ્પર્શ' સહજ અને રોજિંદો છે. વિજાતીય (નર-નારી) સ્પર્શ ઉત્તેજિત કરનારું છે. અન્ય જાતીય સ્પર્શ આનંદ, ભય, જુગુપ્સા ઈત્યાદિ ભાવો ઉત્પન્ન કરનારું બની શકે. ગુલાબ, સુરજમુખી, જાઈ-જુઈનાં પુષ્પો

કોમળતાને આનંદ આપે. હજારીના ફૂલના સ્પર્શ અનેક પાંખડીઓનો અહેસાસ થાય. વિવિધ પશુઓ ગમે ન ગમે અને સાપ કે મગર ભય પ્રેરે, સ્પર્શ, વ્યાપક, તીવ્ર અને ગેહરું છે.

આ શ્લોકમાં સ્પર્શ દ્વારા મહારાજ સૌને સમજાવે છે કે તેનો વિવેક વિહીન લોલુપતાભર્યો ઉપયોગ અને તે પણ મંદિરમાં વર્જ્ય જ સમજવો. 'જય સ્વામિનારાયણ' એ તો આપણા સંપ્રદાયનો વ્યવહારુ ને આત્મિય મંત્ર છે પરંતુ તેનો વિજાતીય સાથે લોલુપ ઉપયોગ સત્સંગીને ભાન ભૂલાવી શકે ખરો. સ્પર્શશક્તિ અતિ પ્રબળ છે.

વળી, બાવળિયાના કાંટાનો ભૂલેચૂકે થઈ ગયેલ સ્પર્શ 'વોય મા..' બોલાવી જાય ને લોહી પણ ટપકાવી જાય. આવો સ્પર્શ કોણ ઈચ્છે ? માટે સાવધાન !

મંદિરમાંની ભીડ, ઉત્સવોમાં માનવ મહેરામણમાં થતી ઠેલંઠેલ, ધક્કામુકી સહજ પણ હોય જાણી જોઈને થતી રહેલી પણ હોય અને ત્યારે 'સ્પર્શ લોલુપો' ઘેલમાં આવી લાભ ખાટી જાય છે. આવો 'સ્પર્શ' બાહ્ય ચામડી માટે તે કોઈ મહત્ત્વનો નથી પરંતુ તેની તરંગીત અસર મન-બુદ્ધિ-ચિત્તને ડહોળી નાખનારી હોય છે એમ શતાંનદમુનિ પણ આ શ્લોકનો અર્થ કરતાં બોધ આપે છે.

આંખ માત્ર કેમેરો જ છે. કાન માત્ર શ્રવણ-ધ્વનીયંત્ર છે પણ સુક્ષ્મેન્દ્રિયો દ્વારા તેમની માહિતી મન-બુદ્ધિમાં વંટોળિયા ઊભાં કરી શકે જો તે બેમર્યાદપણે વપરાય તો.

એટલે જ માનવ-સંયંત્રની રચના સમજાવતાં આપણા આધ્યાત્મિક શાસ્ત્રો પાંચેય ઈન્દ્રિયોને જંગલી ઘોડાઓ સાથે સરખાવે છે જેને મહારાજ આપણા જ કાબુમાં રાખવાના કીમિયા શિક્ષાપત્રીમાં બતાવે છે.

પૌરાણિક કથા પ્રમાણે ભરતમુનિએ ગર્ભવતી હરણીને સિંહથી બચવા નદી કૂદતી જોઈ અને એ કૂદ વખતે ભયની મારી હરણીનું બચ્ચું જન્મ્યા ભેળું નદીમાં ડૂબતું જોયું. મુનિને દયા આવી પાણીમાં ઝંપલાવી સુકોમળ તાજા બચ્ચાને કિનારે લાવી બિચારાને પાળી પોષી મોટો કર્યો પણ પછી આવી સજા તેમને ત્રણ જન્મો સુધી ભોગવવી પડી. સ્પર્શ કોઈ પણ સ્વરૂપે વિસ્ફોટ કરી શકે છે. મુનિનું તે જન્મનું તપ વિફલ થયું. જીવ બચાવવાની મમતાએ મુનિને માર્યા..!

સહજાનંદ સ્વામી મહારાજ તેમના સત્સંગીઓ પાસેથી ખૂબજ ઊંચા પ્રકારના વ્યવહાર રહન-સહન અને શિસ્ત તથા ભાવનાત્મકતાની અપેક્ષા રાખે છે. આવી શક્તિઓના પૂર્ણ વિકાસ માટેનું મંદિર તો મોટામાં મોટું માધ્યમ છે.

ઘર ગૃહસ્થિનું હોય. મંદિર તો સૌનું છે. એ મંદિર કાંઈ 'રેસકોર્સનું મેદાન' નથી જ્યાં પંચેન્દ્રિરૂપી જંગલી ઘોડાઓ પોતપોતાની લોલુપતા પોષવા દોડાદોડ કરતા રહે. તેથી મંદિરની બહારનું સૌ પોતપોતાનું જાણે.

''વાસનાઘેલા વિજાતીય સ્પર્શ ઝંખે,
અમર્યાદ કામચુંબકત્વ ભવ બગાડે,
મંદિરનું મૂર્તિદર્શન અનંત પાપોબાળે.
આપણાં જ કર્મો, કાં મારે કાં તારે.''

અનેક નોંધપાત્ર પૌરાણિક ઉદાહરણનાં પાત્રો છે. દેવરાજ ઈન્દ્ર, ગૌતમ ઋષિ અને તેમની રૂપરૂપનો અંબાર પત્ની સતી અહલ્યા. કુટીલ ઈન્દ્રે ગૌતમ ઋષિની ગેરહાજરીનો લાગ જોઈ સતી અહલ્યાને અભડાવી. પરિણામે શાપિત અહલ્યાને શીલા થઈ યુગો ગાળવા પડ્યા અને ઈન્દ્રનું પણ પતન થયું. રામના ચરણસ્પર્શે મુક્તિ અપાવી.

કલિયુગમાં મંદિરમાં પણ માનવ સખણો રહી શકશે નહિ. અને મંદિર, સત્સંગ ઉત્સવોની ભીડને પણ કામ સ્પર્શથી દુષિત કરશે આવું અગમજ્ઞાન શ્રીહરિને હોવાથી જ આ ૪૦મો શ્લોક સાવધાની સ્વરૂપે લખાયો છે.

''શિક્ષાપત્રીની શીખથી, શીખીએ સંસ્કારોનો પાઠ,
વૃત્તિઓ પર લાદીએ લગામ, નહિ તો થશે આપણો જ
વિનાશ.''

# શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારી

- પ્રો. મહાદેવભાઈ ધોરિયાણી, રાજકોટ

સાબરકાંઠા જિલ્લાનું 'માલપુર' ગામ સ્વામી વાસુદેવાનંદ બ્રહ્મચારીનું વતન. જ્ઞાતિએ ત્રવાડી (ત્રિવેદી) બ્રાહ્મણ. તેમણે શાસ્ત્રી શ્રીલક્ષ્મીરામ પાસે સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો. શાસ્ત્રીજી એક વખત જેતલપુર ગયા. સાથે આ વિદ્યાર્થીને લઈ ગયા. એમના આ શિષ્યને સ્વામી સહજાનંદના દર્શન થતાંની સાથે જ પૂર્વજન્મની સ્મૃતિ થઈ આવી ! મહારાજે દીક્ષા આપી 'ગોપાળાનંદ' નામકરણ રાખ્યું.

મુકુંદાનંદ બ્રહ્મચારી (મૂળજી બ્રહ્મચારી) જેમને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણેય અવસ્થામાં ભગવાનનું અખંડ ચિંતવન રહેતું હતું. તેમની પાસે વિદ્યાભ્યાસ કરવાની આજ્ઞા કરી. મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : ''મહારાજ ! આ નાના બ્રહ્મચારી તો ભારે તેજસ્વી અને ચમત્કારી છે. જે કાંઈ શીખે છે તે તરત જ કંઠસ્થ, હૃદયસ્થ અને આત્મસ્થ થઈ જાય છે !''

મહારાજ કહે : ''હાલના આ નાના (ઠીંગણા) બ્રહ્મચારી પૂર્વના મોટા છે.''

મહારાજની આજ્ઞાથી નિત્યાનંદ સ્વામીએ તેમને વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ આદિમાં અજોડ વિદ્વાન બનાવ્યા. કથા દરમિયાન તેમનું વક્તવ્ય દાદ માગી લે તેવું હતું.

એક વખત મહારાજે 'લોયા' મુકામે પારાયણના વાચનનું આયોજન કર્યું. વ્યાસપીઠ પર વક્તા તરીકે નાનકડા બ્રહ્મચારી ગોપાળાનંદ હતા. એક તો નાની ઉંમર, શરીરે બેઠી દડીના તેથી મહારાજે આજ્ઞા કરી કે ઊભા ઊભા કથા સંભળાવો. કથા એવી સુંદર રીતે આગવી શૈલીથી કરી કે, સારીય સભા સ્તબ્ધ થઈને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ ! સૌની વૃત્તિઓ કથામૃતનું પાન કરવામાં સંલગ્ન બની ગઈ. સંતો તથા હરિભક્તો વક્તાના વ્યક્તિત્વથી પ્રભાવિત થયા.

પ્રથમ અધ્યાય પરિપૂર્ણ થયો કે તરત જ મહારાજે સ્વહસ્તે તેમને ઊંચકીને પોતાના ઢોલિયા પર બેસાડ્યા. ચંદન ચર્ચ્યું અને મહારાજે તેમની આરતી ઉતારી. આશ્ચર્યની વાત તો એ છે કે આ પ્રકાંડ પંડિતના ચરણ ધોઈને પોતે ચરણામૃત પીધું અને સૌને પાયું.

ત્યારપછી મહારાજે સભાને સંબોધન કરીને જણાવ્યું કે, ''આજથી અમે આ બ્રહ્મચારીને અમારી ગાદી પર બેસાડીએ છીએ. સભામાં જ્યારે પધારે ત્યારે સર્વ સંતો, પાર્ષદો અને હરિભક્તોએ ઊભા થવું. કારણ કે આ ચમત્કારી વ્યક્તિ તો શ્વેતદ્વીપપતિ 'વાસુદેવના મુક્ત' છે.'' એજ વખતે મહારાજે તેમનું નામાભિધાન બ્રહ્મચારી વાસુદેવાનંદજી રાખ્યું.

પોતે ખૂબ જ નાના અને અતિ શરમાળ હોવાથી ભરીસભામાં મહારાજે તેમની પ્રશંસા કરી બહુમાન આપ્યું તેથી ગળગળા બની ગયા અને આસને જઈ ધ્રૂસકે ને ધ્રૂસકે રોવા લાગ્યા.

બ્રહ્મચારી મુકુંદાનંદજીએ મહારાજને ઉપરોક્ત હકીકત કહી સંભળાવી. પેલો નાનો બ્રહ્મચારી તો રડ્યા કરે છે અને ખાવા-પીવાનું પણ છોડી દીધું છે. મહારાજે તેમને મુક્તાનંદ સ્વામી પાસે લઈ જવા કહ્યું.

મુક્તાનંદ સ્વામીએ પ્રેમપૂર્વક કહ્યું : ''બ્રહ્મચારી ! હું જાણું છું તમને માન-મોટપ કંઈ જ ગમતું નથી, પણ મહારાજ તો આપણા માતા-પિતા સ્થાને છે, તેઓ લાડ લડાવે તો રાજી રહેવું, જરાપણ કચવાવું કે મૂંઝાવું નહિ.'' સ્વામીના વચનોથી તેમનું મન શાંત થઈ ગયું.

એક વખત મહારાજે દર્શન આપની કહ્યું : ''અમારી વાણી 'વચનામૃત' એ યોગશાસ્ત્ર છે. હવે તમે ભક્તિશાસ્ત્રની રચના કરો.'' તેમણે મહારાજની આજ્ઞાથી 'સત્સંગિભૂષણ' નામનો મહાગ્રંથ સંસ્કૃતમાં તૈયાર કર્યો.

વાસુદેવાનંદજી અક્ષરનિવાસી થયા પછી તેમના શિષ્ય બ્રહ્મચારી યોગેશ્વરાનંદજીએ ધ્રાંગધ્રાના શાસ્ત્રી કૃપાશંકરભાઈ પાસે આ ગ્રંથની ટીકા લખાવી હતી. શાસ્ત્રીજી કહેતા : ''સ્વામિનારાયણ તો ભગવાન છે જ, પણ હું તો આ ગ્રંથના રચયિતાને ભગવાન પરંકૃપાવંત માનું છું.''

કહેવાય છે કે, 'સત્સંગિભૂષણ'ની ટીકા લખતી વખતે શાસ્ત્રી કૃપાશંકર કઠિન શ્લોકોનું અર્થઘટન કરતી વખતે મૂંઝાઈ જતા. તે વખતે અઘરા શ્લોકોના અર્થો બ્રહ્મચારી સ્વામી દર્શન આપીને તેમને સમજાવી જતા. તેથી આ ગ્રંથકર્તાને તેઓ ભગવાન માનતા હતા. તેઓ કહેતા કે, આવી અનેરી અનોખી અને અદ્ભુત રચના મહર્ષિ વેદવ્યાસે કરી છે ! આવો અનુપમ અને અદ્વિતીય મહાગ્રંથ 'ભક્તિશાસ્ત્ર' મહારાજની આજ્ઞાથી રચીનો 'સત્સંગિભૂષણ'ની સ્વામિનારાયણ સંપ્રદાયને અનુપમ ભેટ આપી છે. બ્રહ્મચારી યોગેશ્વરાનંદજી કહેતા કે, ''મારા ગુરુવર્ય બ્રહ્મચારીશ્રી વાસુદેવાનંદજી સ્વામીનું આ યોગદાન ખરેખર દાદ માગી લે તેવું છે. સંપ્રદાયમાં આ મહાગ્રંથની રચના કરવાનું કોઈનું ગજું નથી, એવું એ ભવ્ય 'ભક્તિશાસ્ત્ર' છે.''

પ્રકાંડ પંડિતો, મહાન વિદ્વાનો અને મોટા મોટા રાજાઓ પણ બ્રહ્મચારી વાસુદેવાનંદજીની વાણી સાંભળીને 'સત્સંગી' થઈ જતા. બ્રહ્મચારીશ્રીએ આજીવન 'ઘુંઘટા વર્તમાન' પાળ્યાં હતાં, પોતે વચનસિદ્ધ હતા.

એક વખત મોરબી પાસેના જેતપુર ગામે કથાવાર્તા ચાલી રહી હતી. એક જોશી બ્રાહ્મણે મશ્કરીમાં કહ્યું : ''સ્વામિનારાયણના સાધુઓને લાડવા બહુ ગમે.''

બ્રહ્મચારી સ્વામીથી એટલું બોલાઈ ગયું : ''અરે ! એ ગાંડિયાને બોલવાનું ભાન નથી.''

કિંવદન્તી એ છે કે, પેલો જોશી બ્રાહ્મણ તરત જ ગાંડો થઈ ગયેલો !

સ્વામી જ્યારે ધામમાં પધારવાના હતા ત્યારે ૧૯૨૦ના કારતક વદ ૧૩ના દિવસે મોટી સભામાં સંતો, હરિભક્તો અને પાર્ષદોને બોલાવ્યા, તેમના તથા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને સત્સંગની ભલામણ કરીને પોતે ધામમાં સિધાવ્યા. તેમનો જે સ્થળે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો તે 'નારાયણઘાટ' ઉપર આજે પણ સ્મૃતિ છત્રી અસ્તિત્વ ધરાવે છે.


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત**

**વચનામૃત દ્વિદશાબ્દી મહોત્સવ ઉપક્રમે**

**અંજાર નિવાસી શ્રીઘનશ્યામ મહારાજના**

**૫૭માં વાર્ષિક પાટોત્સવ**

**ઉપક્રમે અંજાર મધ્યે નવ દિવસીય પંચકુંડાત્મક**

**શ્રી વિશ્વમંગલયાગનું દિવ્ય આયોજન**

**:: પ્રારંભ ::**

**સંવત્ ૨૦૭૬ કાર્તિક વદ ૧**

**તા. ૧૩-૧૧-૨૦૧૯**

**:: સમાપ્તિ ::**

**સંવત્ ૨૦૭૬ કાર્તિક વદ ૯**

**તા. ૨૧-૧૧-૨૦૧૯**

- દરરોજના યજમાનો અલગ અલગ હશે.
- માત્ર રૂા.૩૦૦૦ સેવા જેમની હશે તે સજોડે બેસી એક દિવસ લાભ લઈ શકશે.
- જનમંગલના ૧ કરોડ સતાવન લાખ મંત્રના પુરશ્ચરણનો દશાંશ હોમ કરવામાં આવશે.

નોંધ : આપ પણ આ વિશ્વમંગલયાગમાં સહભાગી થઈ શકો છો.

લી. અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી

# મૂળજી બ્રહ્મચારી

- ધરમશીભાઈ દેવશી ભગત, ત્રિવેન્દ્રમ

ક્રમશઃ

શ્રીહરિ અને બ્રહ્મચારી માળિયા હાટીના ગામે પધારેલા. શ્રીહરિ કહે બ્રહ્મચારી ચાલો આપણે બંને ભિક્ષા માગવા જઈએ. બ્રહ્મચારી કહે તમે બેસો હું એકલો માગી આવું. ના એમ નહિ આપણે બંને જઈએ. બંને ચાલ્યા. એક બ્રાહ્મણને ઘેર ગયા. બ્રાહ્મણે બાજરાનો રોટલો ને અથાણું આપ્યું. જે મહારાજે પાત્રમાં લીધુ ને વિચાર કરવા લાગ્યા. હું એકલો જમું ને બ્રહ્મચારી ભૂખ્યા રહે એ ન ચાલે. એ ભૂદેવ આ રોટલો પાછો લે અમને બેને આ પૂરું ન થાય. આ બ્રહ્મચારી એ મારા ગુરુ છે એ પહેલાં જમે પછી હું જમીશ. ભૂદેવ કહે બીજું આપવા જેવું કંઈ નથી. લોટ છે કુલરના ગોળા બનાવીને આપું. પછી કુલરના લાડુ લઈને ભાગોળે મચ્છુ નદીના પાણીની સાથે જમ્યા. બ્રહ્મચારીએ પૂછ્યું, મહારાજ આપણને રોટલો ને કુલર દેનારની અંતે શી ગતિ થશે ? અમે એને અક્ષરધામમાં તેડી જશું.

શ્રીહરિને મુળાનંદ એક વખત ભેસજાળ ગામે પધાર્યા. ત્યાંના ગરાસિયા ભાઈઓને શ્રીહરિના દર્શન થયાં. ગરાસિયાના પત્ની ચાંદબા આદિ સ્ત્રીઓ જે ઓઝલમાં હતી તેને દર્શન ન થયાં. ભાઈઓને ખ્યાલ ન આવ્યો કે બહેનોને દર્શન નથી થયાં. રાત પડી. મહારાજને બ્રહ્મચારી એક ઓરડામાં સૂઈ ગયા. બહેનોને ઊંઘ ન આવી. અરે પ્રભુ ગામમાં પધાર્યા છતાં દર્શન ન થયાં. ઓરડાની દિવાલ ને ભાંડવા લાગી એક ડોશી કહે દિવાલને ભાંડવાથી કંઈ નહિ વળે. લાવો કોહાળી પછી રાતે બહેનોએ ઓરડાની દિવાલમાં બાકોરું પાડ્યું ને અંદર જઈ દર્શન કર્યાં. બ્રહ્મચારી તો સૂતા જ છે મહારાજ જાગી ગયા. સ્ત્રીઓને જોઈ મહારાજ બોલ્યા, આ તમે શું કર્યું. આ તે દર્શન કરવાની રીત છે ! તમારા દરબારો જાગશે તો મોટી ફજેતી થશે માટે જલ્દી જતા રહો. બહેનો ગયા પછી દિવાલના બાકોરામાં ગોદડું આડું બાંધી શ્રીહરિ પોઢી ગયા. સવારમાં શ્રીહરિ જાગ્યા બ્રહ્મચારી તો ઊંઘતા જ હતા. અરે બ્રહ્મચારી જાગો જાગો ભેંસની જેમ શું સૂઈ ગયા. આપણા ઓરડામાં ચોરી થઈ. જુઓ આ દિવાલ તોડીને ચોર આવ્યા લાગે છે. પણ મહારાજ અહિ ચોરી થાય એવું છે શું ? ચોર શું લઈ ગયા એતો કહો. બીજું કંઈ નહિ મારું ઓઢવાનું ગોદડું લઈ ગયા. ચોર કંઈ ગોદડાની ચોરી ન કરે એ તમે જ કોઈને આપી દીધું હશે. હું તમને ઓળખું છું સાચું બોલો. પછી શ્રીહરિ કહે રાતે સ્ત્રીઓ આ દિવાલ તોડી દર્શન કરવા આવેલી. પછી જતી નોતી કંઈક પ્રસાદ આપો તો જઈએ. પ્રસાદ જેવું તો કંઈ હતું નહિ પછી અમે ઓઢવાનું ગોદડું આપી રવાના કરી. તમે તો ભારે છૂપા રૂસ્તમ નીકળ્યા. આટલું થયું તોય મને જગાડ્યો નહિ !

એક સમયે વિસનગરના ભક્તો ગઢપુર આવેલા. મહારાજે ખબર અંતર પૂછ્યા સૌ સુખિયા છો ને. ભક્તો કહે, બીજું કોઈ દુઃખ નથી. વિસનગરનો લાલજી સૂબો સત્સંગીને હેરાન કરે છે. સત્સંગીને તડકામાં ઊભા રાખવાની સજા કરે છે. મહારાજ આ સાંભળી ઉદાસ થઈ ગયા. મોટી બા કહે બ્રહ્મચારી મહારાજ ઉદાસ થઈ ગયા છે ધ્યાન રાખજો ભાગી ન જાય. બ્રહ્મચારીને ઉંઘતા મેલી મહારાજ ચાલી નીકળ્યા. બ્રહ્મચારી જાગ્યાને વિચારવા લાગ્યા ક્યાં ગયા હશે. જરૂર રાધાવાવને રસ્તે ગયા હશે. બ્રહ્મચારી એ રસ્તે દોડતા ગયા. શ્રીહરિનો ભેટો થઈ ગયો. બ્રહ્મચારીને જોતાં મહારાજ બોલ્યા બ્રહ્મચારી પાછા વળી જાવ પાછા જાવ. બ્રહ્મચારી કહે હવે પાછા નહિ જાઉ. તમારી સાથે જ આવીશ. અરે અમે તો વિસનગર જઈએ છીએ. મહારાજ ત્યાં ન જશો ત્યાંનો સુબો તમને પકડીને પુરી દેશે. એ તમારો દુશ્મન છે. મહારાજ કહે અમને શું જાણો છો. તમે તો ભગવાન છો તમારી મરજી વિના પાંદડું પણ હાલે નહિ કર્તુમ. અકર્તુમ અને અન્યથા કર્તુમ શક્તિના તમે ધરતલ છો તો પછી શેની ચિંતા કરો છો. સમજણ કેમ ખોઈ બેઠા. પછી બંને વિસનગર જવા રવાના થયા. ચાલતાં ચાલતાં કંથારીયા ગામે પહોંચ્યા. ત્યાં એક રજપુતના ઘેર ઉતર્યા. રજપુત કહે મહારાજ અમારા ગામમાં એક માતાજીનું મંદિર છે.

દશેરાના દિવસે ગામ લોકો આ મંદિરે એક પાડો ને એક બકરો વધેરે છે આવું મોટું પાપ કરે છે. આપ આવ્યા છો તો આ બંધ કરાવવાનું કંઈક કરો ને ! મહારાજ કહે એ કામ તો તમારાથી થાય તેવું છે અમારે કંઈ કરવું નથી. મહારાજ મારું કોઈ માને નહિ ને માર ખાવો પડે. ના એવું નહિ થાય અમે કહીએ તેમ કરજો. દશેરાના આગલા દિવસે રાતે એ માતાજીની મૂર્તિ ઉપાડી તમે નદીમાં નાખી આવજો. અરે મહારાજ એ પત્થરની મૂર્તિ મારા એકલાથી ઉપડે તેવી નથી. ઉપડશે. તમે મૂર્તિને ઉપાડો ત્યારે આ બ્રહ્મચારીને સંભાળજો. તેની શક્તિ તમારામાં આવી જશે ને મૂર્તિ પણ હળવી બની જશે. પછી ? પછી શું બીજે દિવસે ગામ લોકો મૂર્તિની શોધ કરશે ત્યારે તમે કહેજો માતાજીએ મને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું કે આ હિંસા કરો છો તે એને પસંદ નથી એટલે એ ભાગીને છુપાઈ ગયાં છે. જો તેઓ હિંસા હવેથી નહિ કરીએ. માતાજી કોપાયમાન થશે તો ગામ આખું દુઃખી થશે માટે હિંસા ન કરવાનું વચન આપે તો મારી મૂર્તિ પાણીમાં છે તે બતાવજે. રજપુતમાં હિંમત આવી ગઈ ને એ પ્રમાણે જ બધું નાટક ભજવાયું. હિંસા બંધ થઈ ગઈ.


શ્રીહરિ ત્યાંથી વિસનગર ગયા ત્યાં બલદેવ ભાઈને ઘેર ઉતારો કર્યો. બલદેવ લાલજી સુબાના ભાણેજ થતા. મહારાજ કહે બલદેવ તારા મામાને ખબર આપ કે સ્વામિનારાયણ આવ્યા છે ને મારે ઘેર ઉતર્યા છે. ખબર પડતાં જ સુબાએ આરબ ઘોડેસવારો શ્રીહરિને પકડવા માટે મોકલ્યા. શ્રીહરિએ બ્રહ્મચારીને રૂદ્રાક્ષની માળાઓ પહેલી હાથમાં ત્રિશુલ લઈ ફકડ ગીરનારી બાવા બનાવી ઊંચા આસને બેસી જવા કહ્યું ને હાથમાં સોટી પકડાવી. જે કોઈ પકડવા આવે તેને આ સોટી અડાડજો સમાધિ થઈ જશે. આ પ્રમાણે આરબોને સોટી અડાડી ને સમાધિ થઈ. પાછી સોટી અડાડતાં જાગ્યાને કંઈ પણ કર્યા વિના ચૂપચાપ ચાલ્યા ગયા. સુબાને જઈ કહ્યું આ ખૂદા છે પકડાય તેમ નથી. અમારું કામ નથી. તેવામાં મહારાજ આવી પહોંચ્યા. મહારાજે સુબા સામે દૃષ્ટિ કરી તેથી સમાધિ થઈ. જાગ્યા પછી પગમાં પડી ગયો. હવેથી સત્સંગીને હેરાન નહિ કરું. સત્સંગી થયો. સત્સંગીનો પક્ષ રાખનાર પોતાની બહેન ઉદયકુવરી તથા ભાણેજ બલદેવની માફી માગી. ત્યાંથી શ્રહરિ વડનગર થઈ અમદાવાદ આવ્યા. ત્યાંથી એકલા ચાલી નીકળ્યા. કુંડળ રાયબાને ઘેર આવ્યા. રાયબાને કહ્યું ઘી, ગોળ, લોટને દાળ-ચોખા આપો રસોઈ કરવી છે. બા કહે તમે એકલા રસોઈ કરશો બ્રહ્મચારી ક્યાં ? એ પાછળ આવે છે. ત્યાં બ્રહ્મચારી આવ્યા. ઉતાવળી નદીમાં સ્નાન કરી થાળ બનાવ્યો.

બ્રહ્મચારી ભણેલા નોતા પણ વર્તન ખૂબ ઊંચું હતું. સ્વભાવે સરળ ને નિખાલસ હતા. એક વખત શ્રીહરિ કહે બ્રહ્મચારી આજે સભામાં તમે વાત કરો. ના, પ્રભુ મને એ ન ફાવે. જેવું આવડે તેવું બોલો. પછી બ્રહ્મચારી ઊભા થઈ ઉંચે સાદે બોલ્યા : ''સૌ સાંભળો આ સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે એના જેવો બીજો કોઈ નથી અને થશે પણ નહિ એની આજ્ઞામાં ફેર પાડવો નહિ, આજ્ઞાને ઉપાસના દઢ કરીને રાખવી.'' મહારાજ કહે વાહ બ્રહ્મચારીએ તો મુદાની વાત કરી.

એક વખત શ્રીહરિ ગઢપુરમાં હતા કોઈકે આવીને કહ્યું મહારાજ મચ્છુ નદીને કાંઠે ગામ દેવળીઆનો ગરાસીઓ દેવીસંગ જે આંખે સુરદાસ છે અને બ્રહ્મજ્ઞાની હોવાનો ડોળ કરે છે. તે તમને પડકારે છે કે સ્વામિનારાયણને મારે ૧૦૦ સો પ્રશ્નો પૂછવા છે તે બધા સાચા ઉત્તર આપે તો ભગવાન ખરા. મહારાજ તો દેવળીઆ જવા તૈયાર થયા. બ્રહ્મચારીને સાથે લીધા. રસ્તે બ્રહ્મચારી કહે મહારાજ ભૂખ લાગી છે. મહારાજ કહે બોલો લાડવા ખાવા છે કે માર ખાવો છે. અરે મહારાજ માર ખવાતો હશે લાડવા જ ખવાય ને ! આગળ ચાલ્યા ભરવાડોનું ગામ નેસડો આવ્યું. કૂવા પર કેટલીક ભરવાડ સ્ત્રીઓ પાણી ભરતી હતી. બાઈઓને મહારાજ સ્ત્રી રૂપે દેખાણા. ઝીણો સાદ કરી મહારાજ ભરવાડણોને કહે પેલો દાઢીવાળો બાવો છે ને તે મને પટાવીને લઈ જાય છે મને છોડાવશો. સ્ત્રીઓ તરત પોતાના ઘેર જઈ ભરવાડોને વાત કરી. એક બાવો નાની અબળાને ઉપાડી જાય છે શું બેઠા છો ઉઠાવો તમારી લાકડીઓ ને અને

છોડાઓ. ભરવાડો લાકડીઓ લઈ બ્રહ્મચારીને મારવા તૈયાર થયા ત્યાં મહારાજને દયા આવી. નકામાં કુટાઈ જશે પાછી સેવા ચાકરી મારે જ કરવી પડશે. મહારાજે ભરવાડોને કૃષ્ણરૂપે દર્શન દીધાં. પછી સૌ શાંત થયા. ત્યાંથી આગળ ચાલ્યા. મહારાજ કહે બ્રહ્મચારી કેવું થયું. બ્રહ્મચારી કહે તમે હતા એટલે માર ખાવાથી બચ્યા નહિ તો મરાઈ જાત. મહારાજ બ્રહ્મચારીને પાછળ છોડી પોતે આગળ નીકળી ગયા. ભરવાડો ગાયો ચારતા હતા ત્યાં ગયા. ગોવાળો કહે કોણ છો ? મહારાજ કહે હું તમારો સગો છું. તમારી ગાયો મને ઓળખે છે. હું સાદ પાડું તો બધી મારી પાસે દોડી આવશે. ભરવાડો કહે અમે સાદ પાડીએ તો અમારી પાસે આવે તમારી પાસે ન આવે. બોલાવી દેખાડો. મહારાજ એવો કંઈ સાદ કર્યો જેથી બધી ગાયો દોડતી આવી. તેવામાં બ્રહ્મચારી આવી ગયા. ભરવાડો શ્રીહરિને ઘેર લઈ ગયા ને દુધપુરીની રસોઈ કરી જમાડ્યા. એક રાત રોકાઈ ચાલી નીકળ્યા. આગળ એક ગામની ભાગોળે આરામ કરવા બેઠા. મહારાજે બ્રહ્મચારીના ખોળામાં માથુ રાખેલું. કૂવે પાણી ભરતી બહેનોની નજર પડી. એક જણ બોલી આ દાઢીવાળો બાવો પેલી નાની બાવીમાં ફસાણો છે. બીજી કહે નાનો છે તેય બાવો જ છે બાવી નથી. પછી કંઈક પ્રતાપ દેખાડ્યો તેથી બહેનો બંનેને ઘેર તેડી ગઈને થાળ જમાડ્યો. બીજે દિવસે ચાલતા સાઢવાળા ગામે આવ્યા. અહિં એક પટેલને પટલાણી ખૂબ જ ભાવિક ભક્ત હતાં. ઘર આંગણે સદાવ્રત ચલાવતાં. એ આશાએ કે કોઈક દિ જરુર ભગવાન કે ભગવાનના મળેલ સાધુ મારા સદાવ્રતે આવશે. તેમનો મનોરથ પૂરો કરવા જ પ્રભુ પધાર્યા. (વધુ આવતા અંકે)

# વામનજયંતી



વિષ્ણુ ભગવાનના દશાવતારમાંનો એક વિશિષ્ટ અવતાર એ વામન અવતાર. આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં તેનું આગવું મહત્ત્વ છે. આપણા સત્સંગીઓને ભગવાન શ્રી સ્વામિનારાયણે બધી જ એકાદશીઓના વ્રત કરવાનો આદેશ આપેલ છે. એ પ્રમાણે વામનજંયતી એ ભાદરવા સુદ એકાદશી જેને પરિવર્તિની એકાદશી અથવા વામન એકાદશી કહેવાય છે. આ એકાદશીનું વ્રત સઘળાં પાપોને હરનારું, મહાપુણ્યકારક અને સ્વર્ગ તેમજ મોક્ષ આપનારું છે. શુભગતિની ઈચ્છાવાળાઓએ આ એકાદશીએ વામનજીની પૂજા કરવી જેથી તેઓને નારાયણનું સામિપ્ય પ્રાપ્ત થાય છે. અષાઢ સુદ એકાદશીને દિવસે પોઢેલા પ્રભુ આ એકાદશીએ પડખું ફેરવે છે તેથી તેને પરિવર્તિની એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. આ એકાદશીએ દહીંમાં ચોખા નાખી તેનું દાન કરવાથી અને રાત્રે જાગરણ કરી પ્રભુ ભજન કરવાથી અવશ્ય મોક્ષ મળે છે એમ સ્કંદપુરાણમાં પણ કહેલું છે.

ભગવાન વામન પોતે કશ્યપ અને અદિતિના પુત્ર હતા. તેમને ત્યાં અવતાર લીધો હતો. શ્રીમદ્ ભાગવતમાં કથા આવે છે કે અમૃત મેળવવા દેવો અને દાનવોએ

સમુદ્રમંથન કર્યું. દેવોના રાજા ઈન્દ્ર અને દાનવપક્ષે રહેલા બલિ વચ્ચેની લડાઈમાં બલિનું મૃત્યું થયું. દાનવગુરુ શુક્રાચાર્યે સંજીવનીમંત્ર દ્વારા બલિને પુનર્જીવીત કર્યો. અંતદષ્ટિથી બલિને જાણ થઈ કે ૧૦૦ યજ્ઞો કરનાર ઈન્દ્ર પદવીને પામે એવું શાસ્ત્રોનું વચન છે. ભૃગુકચ્છ હાલના ભરૂચ નગરીમાં નર્મદાને કિનારે અંતિમ ૧૦૦મો યજ્ઞ બલિએ આરંભ્યો. ઈન્દ્રને ફાળ પડી કે આ યજ્ઞ સફળ થાય તો મારું ઈન્દ્રપદ જાય. ગભરાઈને તેણે માતા અદિતિને આમાંથી ઉગારવા પ્રાર્થના કરી. હવે તો બલિ પાસે યજ્ઞના પ્રતાપે દિવ્ય રથ, અક્ષયભાથો અને અભેદ્ય કવચ પણ હતા. અદિતિએ મહાપ્રતાપી પોતાના પતિ કશ્યપને વાત કરી અને દૈવી પુત્રોનું વિઘ્ન દૂર કરવા ઉપાય બતાવવા કહ્યું. કશ્યપે ભગવાનનું શરણ સ્વીકારી ઉપાસના કરવાનું કહ્યું. માતા અદિતિએ ૧૨ દિવસનું પયોવ્રત કર્યું. પ્રભુએ પ્રસન્ન થઈ અવતારી પુત્રનું વરદાન આપ્યું. તે વરદાનુસાર ભાદરવા સુદ-૧૨ ના દિવસે અભિજીત મુહૂર્તમાં અદિતિના કૂખે ભગવાન વિષ્ણુ વામન સ્વરૂપે પ્રગટ્યા.

અવતરતાંની સાથે બટુક બની ગયા. ભગવાન સૂર્યનારાયણે સ્વયં ગાયત્રીમંત્ર આપ્યો. પિતાજીની આજ્ઞા લઈ વામનજી પહોંચ્યા નર્મદા કિનારે ભૃગુકચ્છ જ્યાં બલિનો અંતિમ ૧૦૦મો યજ્ઞ ચાલી રહ્યો હતો. બલિતો વામનજીની મનોહર કાંતિ અને સ્વરૂપથી અને છત્ર, કમંડળ, પલાશ દંડધારી બટુક વામનજીના દર્શનથી પ્રભાવિત થઈ તેમને નમી પડ્યા ને બોલી ઉઠ્યા હે ભૂદેવ, મારી પાસે કંઈક દાન માગો. વામનજીએ એ વખતે કહ્યું, ‘‘હે બલિ મારે તો માત્ર મારા ત્રણ પગલા જેટલી ભૂમિ જ જોઈએ છે.’’ બલિ અત્યંત નવાઈ પામીને બોલ્યા, ‘‘અરે ત્રણ પગલા જેટલી જમીનથી શું થાય ? આજીવિકા ચાલે એટલું તો માગી લો.’’ ભગવાન વામનજીએ કરુણા દૃષ્ટિથી બોલ્યા, ‘‘રાજન દૈવેચ્છાથી જે મળે તેમાં સંતોષી રહે તે સુખી છે. જે અજિતેન્દ્રિય છે તેને તો ત્રિલોક આપો તોય તૃપ્ત થતા નથી.’’

બલિ તો બટુકની આ નાદાનગી પર દયા ખાઈને તેનો આ મનોરથ પૂર્ણ કરવા સંકલ્પ માટે જેવું હાથમાં જળ લેવા કમંડળ નીચુ કર્યું તેટલામાં જ ગુરુ શુક્રાચાર્યે નાળચામાં કીટક બની પાણીની ધારા બંધ કરી દીધી. બલિએ એ નળીમાં સળી નાખી તો શુક્રાચાર્યની આંખ ફૂટી ગઈ. ત્યારથી શુક્રાચાર્ય એક આંખવાળા થયા. છેવટે પ્રગટ થઈને શુક્રાચાર્યે કહ્યું ‘‘અરે બલિ ! આ વિષ્ણુ છે તારું સર્વસ્વ છીનવી લેશે.’’ આ જાણતાં તો બલિ વધુ પ્રસન્ન થયા અને તેમણે પ્રતિજ્ઞા પાળી. તરત જ એક અદ્‌ભુત ઘટના ઘટી વામનજીનું સ્વરૂપ વિસ્તરવા માંડ્યું. જોતજોતામાં તો આકાશને અડી ગયું. પ્રથમ પગલામાં પૃથ્વી અને દશેદિશાઓ આવરી લીધા. બીજા પગલામાં મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક સમાઈ ગયા. ત્રીજું પગલું ક્યાં મૂકવું એમ ભગવાને બલિને પૂછ્યું. બલિ કહે આ શરીર પણ પૃથ્વીનું જ સ્વરૂપ છે માટે મારા મસ્તક પર ત્રીજું પગલું મૂકો. વામનજીએ બલિના મસ્તકપર પગ મૂકીને તેમને પાતાળમાં મૂકી દીધા. બલિદાન શબ્દ આ પ્રસંગથી પ્રચલિત બન્યો. સમાજમાં આજે પણ શ્રેષ્ઠ સમર્પણ માટે આ શબ્દ વપરાય છે. આજે પણ કુરુક્ષેત્ર (હરિયાણા)માં વામન મંદિર વિદ્યમાન છે. જુનાગઢના વંથળી ગામનું મૂળનામ વામનસ્થળી છે. ત્યાં વામનજીનો જન્મ થયાનું મનાય છે. વામનજીનું ત્યાં મંદિર પણ છે. ભગવાન સ્વામિનારાયણ વર્ણીવેશે અહીં પધાર્યા હતા-રોકાયા હતા. વામનજીની આરતી ઉતારી શ્રીહરિએ એ મંદિરને તીર્થત્વ આપ્યું હતું. શ્રીજી મહારાજે જૂનાગઢના મધ્ય મંદિરમાં રણછોડજીની સાથે ત્રિવિક્રમજીની મૂર્તિ પધરાવી છે. આ ત્રિવિક્રમજી એજ વામનજી જેમણે ત્રણ પગલામાં બધું માપી લીધું. એટલે તેમનું એક નામ ત્રિવિક્રમ છે. વામનજયંતીએ દશે અવતારોની પૂજા કરવામાં આવે છે. શ્રીજી મહારાજે વામનજીની સ્મૃતિ વચનામૃત ગ.પ્ર-૬૧ માં કરી છે.

# શ્રાદ્ધ

ભાદરવા માસના કૃષ્ણપક્ષ એટલે કે વદપક્ષને શ્રાદ્ધ પક્ષ કહેવામાં આવે છે. શ્રાદ્ધ એટલે श्रद्धया यत् क्रियते तत् । શ્રદ્ધાથી જે અંજલિ આપવામાં આવે છે તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે. આ દિવસો દરમ્યાન આપણી ઋષિ સંસ્કૃતિ અનુસાર આપણા પૂર્વજો અને ઋષિમુનિઓનું સ્મરણ-તર્પણ કરવાનું હોય છે.

જે પૂર્વજોએ આપણા હિત-કલ્યાણ માટે પોતાનું સર્વસ્વ ઘસી નાખ્યું, લોહીનું પાણી કર્યું. એ તમામ પિતરોને શ્રદ્ધાથી સ્મરણ કરી તેઓ જે યોનિમાં હોય તે યોનિમાં તેઓને સુખ શાંતિ સાંપડે તે માટે પિંડદાન દ્વારા તર્પણ કરવાનું હોય છે.

તર્પણ કરવાનું એટલે તેમને તૃપ્ત કરવાના સંતુષ્ટ કરવાના છે. શ્રાદ્ધના દિવસો એટલે કૃતજ્ઞતા પૂર્વક પિતૃઓનું સ્મરણ કરવાના દિવસો. સદ્‌વિચારો માટે ધર્મ,સંસ્કૃતિ માટે તેઓએ પોતાનું જીવન ખર્ચી નાખ્યું હોય. તે વિચારો, ધર્મ, સંસ્કૃતિ આપણે ટકાવી રાખીએ, તેઓની પ્રતિષ્ઠા, આબરૂ સદા વધતી રહે એવું વર્તન જીવનમાં અપનાવીએ તો તે જરૂર તૃપ્ત થાય. દેવો, પૂર્વજો અને ઋષિઓની સદા તૃપ્તિ રહે એવું જીવન જીવવું જોઈએ. શ્રાદ્ધ નિમિત્તે આપણે આપણા જીવનનું આત્મપરીક્ષણ કરી આપણે જીવન કેટલું ઉર્ધ્વગામી બનાવ્યું તેનું તટસ્થ રીતે મનન કરવું જોઈએ.

શ્રાદ્ધના દિવસો થકી આપણી પરંપરા જળવાય છે. આપણો સાંસ્કૃતિક વારસો જીવંત રહે છે. કાળે જેમનો નાશ કર્યો છે. કુદરતે જેને શરીરથી લઈ જાય છે. તેમનું શ્રદ્ધામય સ્મરણ કરવાના દિવસો એટલે શ્રાદ્ધ. આપણા પિતૃઓ તેમના કર્મો તથા વિચારો થકી ચિરંજીવ છે તેમનું કૃતજ્ઞભાવે પૂજન કરીને આપણે આપણી જાતને કૃતકૃત્ય ધન્ય બનાવવાની છે.

માનવજીવન વિવિધ ઋણમુક્તિ માટે છે. આપણા પર દેવોનું ઋણ, પિતૃઓનું ઋણ, ઋષિઓનું ઋણ છે. દેવોનું સતત ધ્યાન, પૂજન તેમજ સ્મરણ કરનાર દેવના ઋણથી મુક્ત થાય છે. સતત દેવના થઈને રહેનાર આ ઋણમાંથી મુક્તિ મેળવે છે. શ્રાદ્ધના દિવસો ઋષિતર્પણના દિવસો છે. આપણી ભારતીય સંસ્કૃતિની મહાનતા, ભવ્યતા, દિવ્યતા એ ઋષિઓને આભારી છે. આપણા ઋષિઓ થકી ભારતની વિશ્વમાં કિંમત છે. ભાવિ પેઢી દિવ્ય જીવન જીવે તે માટે ઋષિઓએ દિવ્ય વિચારો આપ્યા. ઋષિઓની દેન થકી આપણે આનંદમયજીવન જીવીએ છીએ. તેથી સમાજ તેમનો ઋણી છે. ઋષિઓનું ઋણ અદા કરવા ઋષિઓના વિચારોનો પ્રચાર-પ્રસાર આપણે કરવો જોઈએ.

જેમણે આપણને જન્મ આપ્યો તેમજ આપણા કલ્યાણ માટે પોતાનો સ્વાર્થનો ત્યાગ કર્યો તે પિતૃઓનું આપણા પર ઋણ છે. આપણા પિતૃઓના આપણા પર અસંખ્ય ઉપકારો છે. તેમને તૃપ્તિ થાય એવું આપણે કંઈક કરવું એજ પિતૃઋણમાંથી મુક્ત થવાનો ઉપાય છે. પિતૃઓના ધ્યેયને આગળ વધારે તે સંતાન. આવો પુત્ર જ પિતાનું સાચું તર્પણ કરી શકે.

મૃત્યુ અટલ છે. તે વિચાર કરવાના આ દિવસો છે. તે દિવસો દરમ્યાન પિતૃઓનું સ્મરણ કરતાં કરતાં જીવનમાં સત્કૃત્યોનું ભાથું બાંધવા તૈયાર થઈ જવું જોઈએ. વિવિધ ઋણમાંથી મુક્ત થવાનો આ દિવસોમાં વિચાર કરવાનો છે. આપણે તો સમજ કેળવવાની છે તેમજ અન્ય લોકોને પણ સમજણ આપવાની છે.

આજે માનવજીવના સંબંધો ભાવનાશૂન્ય યંત્રવત્ બનતા જાય છે. તેથી કેટલાક લોકો આપણી આ પરંપરાની મશ્કરી કરતા જોવામાં આવે છે. માનવજીવનનો ખરો મર્મ સમજતા નથી તેથી આવું થાય છે. સંપૂર્ણ ભક્તિભાવથી શુદ્ધ અંતઃકરણથી અનન્ય શ્રધ્ધાથી કરેલું શ્રાદ્ધ મંત્રશક્તિ થકી પિતૃઓને તૃપ્તિ આપવાનું જ છે. તેથી કૃતજ્ઞ બનવાનું કામ સમજદાર લોકોનું છે. કૃતજ્ઞ બનવા માટે ઈશ્વર આપણને સૌને શક્તિ આપે એજ પ્રાર્થના.



# ગણેશ ચતુર્થી

- જનકભાઈ એમ. ભટ્ટ

ભાદરવા સુદ ચોથ એ ગણેશ ચતુર્થી કહેવાય છે. આ દિવસે આપણને 'ગણપતિ દાદા મોરયા'ના નાદ ચારે બાજુથી સંભળાતા હોય છે. મોરયાનો અર્થ નમસ્કાર થાય છે એટલે કે ગણપતિને નમસ્કાર. મોરેશ્વર નામનો ગણપતિનો એક મોટો ભક્ત થઈ ગયો. તેની ભક્તિને લીધે પ્રભુ સાથે તેનું નામ જોડાઈ ગયું. આમ જો કોઈ ભક્ત સંપૂર્ણ નિષ્ઠાથી સમર્પિત થઈ જાય છે. તો ભગવાનને વ્હાલો થઈ જાય છે.

ઋષિમુનિઓએ ગણપતિને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. આપણા શુભ કામમાં પ્રથમ તેનું પૂજન કરવામાં આવે છે. ગણપતિને ગજાનન કહેવામાં આવે છે. કારણ કે ભગવાન શિવજીએ એમના ધડ પર હાથીનું મસ્તક બેસાડ્યું છે આ વાતનો સંકેત પણ સમજવા જેવો છે. હાથી એ બુદ્ધિમાન પ્રાણી છે. ગણનાયક પણ બુદ્ધિમાન હોવા જોઈએ. શ્રુતિએ પણ બુદ્ધિનો મહિમા ગાયો છે.

ગણપતિની ઉપાસના માણસને ગણનાયક બનવાની ક્ષમતા આપે છે. ગણપતિ એ ગણપતિ છે. સાચા ગણનાયક પાસે ક્યા ક્યા પ્રકારના ગુણ હોવા જોઈએ તેનું સચોટ માર્ગદર્શન ગણપતિના સ્વરૂપમાંથી મળી રહે છે. સમજપૂર્વક ગણપતિનું દર્શન કરનાર વ્યક્તિ સાચા અર્થમાં ગણ (સમૂહ)નો પતિ (નાયક) બની રહે છે.

ગણપતિના ધડ પર હાથીનું મસ્તક છે. કારણ કે હાથી પાસે ઉદારતા છે, જમતી વખતે હાથી શરૂઆતમાં બે-ત્રણ કોળિયા ઉડાડી મૂકે છે જેથી અનેક જીવજંતુઓને ખોરાક મળી રહે છે નાયકમાં આવી રીતે વહેંચીને ખાવાની મનોવૃત્તિ હોવી જોઈએ.

ગણપતિના કાન સૂપડાં જેવા હોય છે. સૂપડાંનો ગુણ છે કે 'સાર અસારકો ગ્રહિ લિયે ઔર થોથા દેઈ ઉડાયે' સૂપડું ફોતરાં ફેંકી દે છે અનાજને પોતાની પાસે રાખે છે. તેમ નાયકના કાન મોટા હોવા જોઈએ તે કાચા કાનનો ન હોવો જોઈએ. આપણે સાંભળીએ બધાનું પણ માનવું વિવેકનું. મોટા કાન શ્રેષ્ઠ શ્રવણ શક્તિના સૂચક છે.

ગણપતિની આંખો ઝીણી છે. માણસે જીવનમાં સૂક્ષ્મ દૃષ્ટિ રાખવી જોઈએ. નાયક સૂક્ષ્મદૃષ્ટિ ધરાવતો હોવો જોઈએ. પરગુણને પારખવાની દૃષ્ટિ પણ નેતા પાસે હોવી જોઈએ. સહકાર્યકરોને બિરદાવવા અને પ્રોત્સાહિત કરવા જોઈએ. આમ નાયક પાસે સમાજનું કે રાષ્ટ્રનું ભવિષ્ય દર્શન હોવું જોઈએ.

ગણપતિનું નાક મોટું છે. દૂર સુધીનું સૂંઘવા શક્તિમાન છે તેમ નાયક પાસે આસપાસના વાતાવરણ સૂંઘવાની ક્ષમતા હોવી જોઈએ. અહિતકારી કે રાષ્ટ્રવિરોધી કોઈ પણ પ્રવૃત્તિ થતી હોય તો તેની ગંધ આવી જવી જોઈએ.

ગણપતિને બે દાંત જોવામાં આવે છે એક દાંત અખંડ શ્રદ્ધાનો મહિમા સમજાવે છે, બીજો અડધો દાંત બુદ્ધિની અપૂર્ણતા કે મર્યાદા સૂચવે છે. બુદ્ધિ સીમિત છે. જ્યારે શ્રદ્ધા અસીમ છે. કોઈ પણ કામ આપણે કરીએ ત્યારે શ્રદ્ધા ગુમાવવી ન જોઈએ.

ગણપતિના એક હાથમાં અંકુશ રહેલો છે જે વાસના વિકારો પર સંયમ રાખવાનું સૂચવે છે. બીજા હાથમાં પાશ છે જે સામ, દામ, દંડ, ભેદ દ્વારા સૌ પર કાબૂ રાખવાનું સૂચવે છે. ત્રીજા હાથમાં મોદક છે, જીવનમાં મધુરતા, આનંદ ફેલાવવા માટે સંકેત કરે છે. ચોથો હાથ આશીર્વાદ આપે છે. નાયક, સંયમી પ્રેમાળ આનંદી સ્વભાવ ધરાવતો તેમજ શુભાભિલાષી હોવો જોઈએ.

ગણપતિનું લંબોદર-મોટું પેટ સૂચવે છે કે નાયક સાગર પેટ હોવો જોઈએ. અનંત વાતો પોતાના પેટમાં સમાવવી જોઈએ.

ગણપતિના નાના પગ સૂચવે છે કે વધુ પડતી દોડાદોડી કરવાથી કોઈ કામ સાધી શકાતું નથી. નાયકમાં બીજા પાસેથી કામ લેવાની આવડત હોવી જરૂરી છે. ગણપતિનું વાહન ઉંદર છે. ઉંદર માયાનું પ્રતીક છે. ઉંદરની જેમ માયા પણ માનવીને ફૂંકી ફૂંકીને કરડે છે. માયાને અંકુશમાં રાખતાં આવડવી જોઈએ. ગણપતિને દુર્વા (ઘાસ) પ્રિય છે. લોકો જેને મહત્ત્વ આપતા નથી એવા ઘાસને તેમણે માન્ય કર્યું છે, ઘાસની કિંમત વધારી દીધી. લઘુમાં ગૌરવ નિર્માણ કરી શકે તે ગુરુ કહેવાય છે.

ગણપતિને લાલ ફૂલ ગમે છે. લાલ ફૂલ ક્રાંતિનું પ્રતીક છે. નાયકે વિચારક્રાંતિ દ્વારા સમાજમાં પરિવર્તન લાવવું જોઈએ.

આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો આપણી ઈન્દ્રિયોનો અક ગણ છે એ ગણનો પતિ મન છે. કોઈ પણ કાર્ય સિદ્ધ કરવું હોય તો સૌ પ્રથમ મનને શાંત અને સ્થિર કરવું જરૂરી છે. જેથી કોઈ વિઘ્ન ઊભું ન થાય અને કાર્ય સરળ રીતે પૂર્ણ થાય. તેથી ગણપતિને વિઘ્ન વિનાશક કહ્યા છે.

ઋષિઓએ ગણપતિ પૂજન દ્વારા જીવનનું અલૌકિક દર્શન આપેલ છે તે ઋષિઓને પ્રણામ.

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન શિક્ષાપત્રીમાં પૂજયમૂર્તિ, જ્ઞાનમૂર્તિ, મંગલમૂર્તિ, ગણપતિનું પૂજન-અર્ચન કરવાનું સૂચવેલ છે, તેમજ ગણેશચતુર્થીની સવિશેષ મહત્તા દર્શાવી છે. આપણે સૌ સંગઠિત થઈ ગણપતિનું પૂજન-અર્ચન કરીને ગણેશ ચતુર્થી ઉજવીએ - આ ગણેશ ચતુર્થીનો દિવસ ઉજવીને શ્રીજી મહારાજનો રાજીપો મેળવીએ.

પણ હા, ૧૦ દિવસ પૂજા બાદ ગણેશજીની મૂર્તિનું જે રીતે વિસર્જન કરવામાં આવે છે તેનો વિવેક હોવો જરુરી છે. પર્યાવરણને નુકસાન ન થાય.


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**શ્રી સ્વામિનારાયણ-ગુરૂકુલ નારણપર**

# "પંચદશાબ્દી મહોત્સવ"

# 15th ANNIVERSARY

**શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી C.B.S.E. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ નારણપરને શરૂ થયે વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. તેથી ૧૫ વર્ષનો ઉત્સવ એટલે ''પંચદશાબ્દી મહોત્સવ'' 15TH ANNIVERSARY ખૂબ જ ધામધૂમથી અનેક વિવિધ કાર્યક્રમોની સાથે ઉજવવાનું નકકી કરેલ છે. તા.૦૧/૦૧/૨૦૨૦ થી ૦૫/૦૧/૨૦૨૦ સુધી આમ પાંચ દિવસનો ઉત્સવ ઉજવવાનું નક્કી કરેલ છે. તો આ પ્રસંગને દિપાવવા માટે દેશ-વિદેશમાં રહેતા આપ સૌ ભક્તજનોને સહપરિવાર પધારવા અમો સહૃદય હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

**લી. ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-નારણપરના સંચાલક સંતમંડળ તથા ટ્રસ્ટીમંડળના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી.**

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત

# સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

| | |
|---|---|
| **પોથીયાત્રા** | : સં. ૨૦૭૬, ફાગણ વદ ૩૦, મંગળવાર, તા. ૨૪-૩-૨૦૨૦, સાંજે ૩:૦૦ વાગ્યે |
| **કથા પ્રારંભ પ્રથમ દિવસ** | : સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૧, બુધવાર, તા. ૨૫-૩-૨૦૨૦ |
| **બીજો દિવસ** | : સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૨, ગુરુવાર, તા. ૨૬-૩-૨૦૨૦ |
| **રામ જન્મોત્સવ ત્રીજો દિવસ** | : સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૩, શુક્રવાર, તા. ૨૭-૩-૨૦૨૦ |
| **કૃષ્ણ જન્મોત્સવ ચોથો દિવસ** | : સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૪, શનિવાર, તા. ૨૮-૩-૨૦૨૦ |
| **રૂક્ષ્મણી વિવાહ પાંચમો દિવસ** | : સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૫, રવિવાર, તા. ૨૯-૩-૨૦૨૦ |
| **છઠ્ઠો દિવસ** | : સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૬, સોમવાર, તા. ૩૦-૩-૨૦૨૦ |
| **કથા વિરામ સાતમો દિવસ** | : સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૭, મંગળવાર, તા. ૩૧-૩-૨૦૨૦ સાંજે ૭:૦૦ વાગ્યે |
| **નારાયણ યજ્ઞ** | : સં. ૨૦૭૬, ચૈત્ર સુદ ૮, બુધવાર, તા. ૧-૪-૨૦૨૦, સવારે ૬:૩૦ |

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૫-૩-૨૦૨૦ થી તા. ૧-૪-૨૦૨૦ સુધી સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.

વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.

૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૨૦ પાસ આપવામાં આવશે.
સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં ૨૧ પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮ x ૧૨ સાઈઝ)
તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ :** **શ્રી સ્વામિનારાયણ મંદિર**
**શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ. ફોન નં. ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧.**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

### શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહાયજ્ઞ મહોત્સવ ઉપક્રમે

### શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ આયોજિત

# વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

**તા. ૩૦/૧૧ થી ૬/૧૨ – ૨૦૧૯**

સહર્ષ નિવેદન સાથે જણાવવાનું કે અક્ષરાધિપતિ પૂર્ણપુરુષોત્તમ આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અનંત મુમુક્ષુઓનું આત્યંતિક કલ્યાણ કરવા આ અવનિ પર અવતર્યા અને ભારતભૂમિની પવિત્રતામાં અનેકગણી અભિવૃધ્ધિ થઈ. શ્રીજી મહારાજે પાંચસો પરમહંસો સહિત સત્સંગ વિચરણ દરમ્યાન વેદ–ઉપનિષદના સારરૂપ અમૃતવચનો પીરસીને અનેક મુમુક્ષુઓને આત્મસ્વરૂપના જ્ઞાન સાથે ભગવદ્ સ્વરૂપની ઉપાસના દઢ કરાવી સનાતન મોક્ષના સાચા માર્ગનું માર્ગદર્શન કર્યું.

જેના શ્રવણમાત્રથી જીવન સાર્થક થઈ જાય અને ભવસાગર પાર કરવાનું જ્ઞાન સહજ રીતે પ્રાપ્ત થાય એવી શ્રીજી મહારાજના સ્વમુખે કહેવાયેલી અમૃતવાણીનું શ્રીજી સમકાલિન નંદ સંતો પૈકી સ.ગુ. ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. મુક્તાનંદ સ્વામી, સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ. નિત્યાનંદ સ્વામી તથા સ.ગુ. શુકાનંદ સ્વામી જેવા પાંચ સમર્થ સદ્ગુરુઓએ ૨૭૩ વચનામૃતના રૂપમાં સંકલન કરી સત્શાસ્ત્ર શ્રીહરિને અહોભાવ સાથે અર્પણ કર્યું. જેને શ્રીજી મહારાજે પ્રસન્નતાપૂર્વક શિરોધાર્ય કરી અત્યંત પ્રશંસા કરી. ઉધ્ધવ સંપ્રદાયમાં આ અણમોલ અદ્ભુત ગ્રંથ 'વચનામૃત શાસ્ત્ર ના નામથી પ્રસિધ્ધ કરવામાં આવ્યું. આ અજોડ શાસ્ત્ર આજે પણ વાઙ્મયસ્વરૂપે શ્રીજી મહારાજના સાક્ષાત્ પ્રગટપણાની પ્રતીતિ કરાવે છે..

ભક્તો ! આ વચનામૃત શાસ્ત્રના પ્રાગટ્યને માગસર સુદ ૪, તા. ૩૦–૧૧–૨૦૧૯ના રોજ ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ ૭આપણા ભુજ મંદિર દ્વારા સંવત ૨૦૭૬ માગસર સુદ ૪ થી માગસર સુદ ૧૦ (તા. ૩૦–૧૧–૨૦૧૯ થી તા. ૬–૧૨–૨૦૧૯) સુધી 'શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ભક્તિભાવ અને ઉમંગભેર હર્ષોલ્લાસ સાથે ભવ્યાતિભવ્ય રીતે ધામધૂમથી સમસ્ત સંપ્રદાય અને કચ્છના સંતો–ભક્તો સાથે મળીને સહિયારો ઉજવવાનું આયોજન કરેલું છે. આ મહોત્સવના આયોજનમાં આપ સૌ હરિભક્તો યથાશક્તિ અવશ્ય સેવાનો લાભ લેશોજી.

**આ મહોત્સવના ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું ભક્તિમય આયોજન કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.**

- પંચદિવસીય વિષ્ણુયાગ.
- બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર.
- જીવનપ્રદાતા રકતદાન .
- દિવ્યાંગોને ટ્રાઈસીકલ અર્પણ.
- વ્યક્તિગત તથા સમૂહ વચનામૃત પઠન.
- રાત્રિસભા દ્વારા વચનામૃત મહિમા સાથે સમૂહ પૂજન.
- વચનામૃત પ્રાગટયસ્થાનોમાં વચનામૃત સમૂહ પઠન.
- વચનામૃત પ્રાગટયસ્થાનોથી સાઈકલ યાત્રા.
- વચનામૃત સંલગ્ન સાહિત્ય પ્રકાશન વિગેરે.

**આ મહોત્સવમાં વ્યકિતગત સેવા કરવા માટેના વિવિધ પ્રકલ્પોમાં જોડાઈ વિશિષ્ટ સેવા કરી શકાશે.**

| | |
|---|---|
| - સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાનશ્રી | રૂા. ૫૧,૧૧,૧૧૧ |
| - સમગ્ર મહોત્સવના સહ યજમાનશ્રી | રૂા. ૨૫,૦૦,૦૦૦ |
| - મહોત્સવમાં ૧ દિવસ પારાયણના યજમાનશ્રી | રૂા. ૧૧,૧૧,૧૧૧ |
| - મહોત્સવમાં ૧ ટાઈમ ભોજનપ્રસાદના યજમાનશ્રી | રૂા. ૫,૫૫,૫૫૫ |
| - વિષ્ણુયાગના ૧ દિવસના યજમાનશ્રી | રૂા. ૧,૧૧,૧૧૧ |
| - વચનામૃત સંહિતાપાઠ—૧ ના યજમાનશ્રી | રૂા. ૧,૦૦,૦૦૦ |
| - સંત રસોઈના યજમાનશ્રી | રૂા. ૫૧,૦૦૦ |
| - સાં.યો. બહેનોની રસોઈના યજમાનશ્રી | રૂા. ૫૧,૦૦૦ |
| - સંત પૂજનના યજમાનશ્રી | રૂા. ૫૧,૦૦૦ |
| - સાં.યો. બહેનોના પૂજનના યજમાનશ્રી | રૂા. ૫૧,૦૦૦ |
| - મહોત્સવ પત્રિકામાં નામ આવશે | રૂા. ૨૧,૦૦૦ |

## : ઉપર જણાવેલ સેવા પ્રકલ્પોમાં સેવાની વિશેષ માહિતી માટે સંપર્ક :

**કો. પાર્ષદ જાદવજી ભગત ૯૪૨૬૨ ૧૮૨૩૧ - કો. સ્વામી નારાયણમુનિદાસજી ૯૪૨૮૯ ૪૬૧૩૧**
**સ્વામી ભગવદ્જીવનદાસજી ૯૮૨૫૭ ૩૬૧૭૧ - સ્વામી દેવપ્રકાશદાસજી ૯૮૨૫૩ ૪૧૦૪૧**

ઉપરોક્ત જણાવેલ સેવા પ્રકલ્પો દ્વારા આ મહોત્સવમાં જે કાંઈ આર્થિક સહયોગ—દાન આવશે એ મહોત્સવ ખર્ચ બાદ વધેલી રકમ ૬૫ વર્ષ પહેલાં મહંત સ.ગુ. શા. સ્વામી ધર્મજીવનદાસજી દ્વારા સંસ્થાપિત ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ આયુર્વેદિક ઔષધાલય (હોસ્પિટલ) ના વિકાસ અને નિભાવ ખર્ચમાં વાપરવામાં આવશે. એજ,

અત્રેથી સર્વે સંતમંડળના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો. ત્યાં સર્વે સત્સંગી હરિભક્તોને અમારા જય શ્રી સ્વામિનારાયણ કહેશો.

લી. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના જય શ્રી સ્વામિનારાયણ.

# સત્સંગ સમાચાર દેશ

## હિંડોળા મહોત્સવ પૂર્ણાહુતિ : ભુજ

આપણા સંપ્રદાયનો મહા મહોત્સવ એટલે હિંડોળા મહોત્સવ ! ઉરમાં ઉમંગ અને ઉત્સાહ તેમજ હૈયામાં હર્ષોલ્લાસથી શ્રદ્ધાળુ હરિભક્તો હેતથી હરિવરને એક માસ સુધી હિંડોળામાં ઝુલાવી અલૌકિક આનંદની અનુભૂતિ પ્રાપ્ત કરે છે. કચ્છની સાંપ્રદાયિક એકતાની પ્રતીતિ કરાવતા દાદાખાચરના દરબારે ભુજ, પ્રસાદી મંદિર, માંડવી, અંજારમાં અનેરું આકર્ષણ જમાવેલું. તા. ૧૭-૮-૨૦૧૯ શનિવારે પ્રાતઃસ્મરણીય સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોના સાંનિધ્યમાં હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ભુજ મધ્યે હિંડોળા મહોત્સવનો આ વર્ષનો સમાન કાર્યક્રમ યોજવામાં આવેલ. અને આરતી ઉતારવામાં આવેલ. પ.પૂ. મહંત સ્વામીએ અંતરનો આનંદ વ્યક્ત કરતાં આશીર્વચનમાં જણાવેલ કે ભુજ મંદિર દ્વારા દર વર્ષે આ મહોત્સવમાં અદ્‌ભુત નવીન રચનાઓ પ્રસ્તુત કરી હિંડોળા મહોત્સવને ભવ્યતા અને દિવ્યતા બક્ષવામાં આવે છે. આ વર્ષે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે તૈયાર કરવામાં આવેલ દાદાખાચરના દરબારનાં દર્શન સ્થાનિકે જ થઈ ગયા ! દરબારની રચના આબેહૂબ અસલ દરબાર જેવી જ હતી અને ભુજમાં બેઠા ગઢડાધામની યાત્રાનો લાભ સૌને મળ્યો. હીરના હિંડોળા અને અન્ય કલાત્મક હિંડોળાઓને પણ બિરદાવી સાં.યો. બહેનો, સંતો, હરિસેવકો અને કલાકારોને શાબ્દિક સન્માન આપી પ્રશંસા કરેલ.

કોઠારી સ્વામીના માર્ગદર્શન હેઠળ હિંડોળા સમિતિના સર્વે સંતોએ હિંડોળા મહોત્સવના સાફલ્યમાં નોંધપાત્ર યોગદાન આપેલ.

★★★★★★★★★★★★★★★★★★★★★

## જન્માષ્ટમી મહોત્સવ : ભુજ

સાંપ્રદાયિક પરંપરાનુસાર આ વર્ષે પણ ભુજ મંદિર દ્વારા જન્માષ્ટમી મહોત્સવ આનંદ, ઉમંગ અને હર્ષોલ્લાસ સાથે ભક્તિભાવથી ઉજવાયો.

આઠમની સાંજે ભુજ મંદિરનું વિશાળ પ્રાંગણ હરિભક્તોથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. કાર્યક્રમના આયોજન મુજબ શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રો અને ભક્તિભાવની ચરમસીમા રૂપ (ભજનસંધ્યા)માં સ્વામી વ્રજવિહારીદાસજી આદિ સંતો દ્વારા ભજન-કીર્તનની રમઝટ બોલાવવામાં આવી હતી.

વ્યાસાસન પર બિરાજમાન થઈ વિદ્વાન વક્તાશ્રીઓ સ્વામી બ્રહ્મમુનિદાસજી તથા સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પોતાની આગવી રસાળ અને રોચક શૈલીમાં પ્રસંગો પ્રસ્તુત કરી કથાના રસનું અમૃતપાન કરાવી શ્રોતાગણને મંત્રમુગ્ધ કર્યા હતા. અને આનંદવિભોર થઈ સૌ કૃષ્ણમય બની ગયા હતા. સભાનું સંચાલન સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ કર્યું હતું. પ.પૂ. મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

રાત્રે મટકીફોડ કાર્યક્રમ સમયે યુવાવર્ગ હર્ષના હિલોડા સાથે હેલે ચડ્યો હતો. સુમધુર કોલાહલ અને જય જય કારથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને શ્રી ઘનશ્યામ બાલમંડળ એમ બે-બે મંડળો દ્વારા અલગ અલગ બે મટકી ફોડવાનો કાર્યક્રમ યોજાયો હતો. ઉત્સુકતા અને આતુરતા સાથે હરિભક્તો ભગવાન શ્રીકૃષ્ણની બાલલીલાને નજર સમક્ષ માણી રહ્યા હતા. પીરામીડોની રચનાઓ સાથેના અદ્‌ભુત દૃશ્યો ખડા થયા હતા. અને ભગવાન શ્રીકૃષ્ણના જયઘોષ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

રાત્રે ભગવાન શ્રીકૃષ્ણનો પ્રાગટ્ય મહોત્સવ યોજાયો હતો. 'નંદઘેર આનંદ ભયો' સાથે કૃષ્ણ જન્મને વધાવી, ભગવાનને પારણે ઝુલાવવામાં આવ્યા હતા.પ.પૂ.

મહંત સ્વામી તથા વડીલ સંતોએ આરતી ઉતારી હતી. કોઠારી સ્વામીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સંપન્ન થયેલ.

★★★★★★★★★★★★★★★★★★★★★

## વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે વચનામૃત દરબાર દર્શન એવં વિશિષ્ટ હિંડોળા દર્શન

તા. ૨૮-૭-૨૦૧૯ રવિવાર, એકાદશીના પવિત્ર દિવસે માંડવી શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ એવં શ્રી ઘનશ્યામ મહારાજના દિવ્ય સાંનિધ્યમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં વચનામૃત દરબાર દર્શન અંતર્ગત પ્રદર્શનનો શુભારંભ થયો હતો. તથા નિજ મંદિરના-૨ હિંડોળા અને વચનામૃત દરબાર દર્શનનાં કુલ-૧૪ હિંડોળા દર્શન ખુલ્લા મુકાયા હતા. વચનામૃત ભગવાન સ્વામિનારાયણની પરાવાણી છે. આજથી બસો વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુજરાતના નવ ગામોમાં ફરીને હરિભક્તોના દરબારમાં જ્યાં જ્યાં જ્ઞાન-ગોષ્ઠી કરી તેનું તત્કાલીન પરિસ્થિતિને અનુરૂપ હૂબહૂ પ્રતિકૃતિની રચના વચનામૃત દરબાર દર્શનમાં કરવામાં આવી હતી. ગઢડા, સારંગપુર, કારીયાણી, લોયા, પંચાળા, વડતાલ, અમદાવાદ, જેતલપુર અને અશ્લાલી આ નવ ગામેના ભક્તોના દરબારમાં બિરાજમાન શ્રીજી મહારાજ, સંતો-ભક્તો અને બાઈઓની સભાની તાદશ પ્રતિકૃતિ આ દરબાર દર્શનની વિશેષતા રહેલ.

વચનામૃત દરબાર દર્શન ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રારંભમાં પુ. સ્વામી સંતસ્વરૂપદાસજીએ કથામૃતનું પાન કરાવ્યું હતું. આ પ્રસંગે ભુજ મંદિરેથી સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણ દાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી આદિ નાના-મોટા સંતો પધાર્યા હતા.

આ પ્રસંગે માંડવી વિસ્તારના ચારેય કાંધાના હરિભક્તો, દહીંસરા, રામપર આદિ ગામેગામના હરિભક્તો પધાર્યા હતા અને યથાશક્તિ યજમાનપદ સ્વીકારી પ્રભુ તથા સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

વચનામૃત દરબાર દર્શનની સમગ્ર તૈયારી મંડળના મહંત સ.ગુ.સ્વામી ભગવદ્‌જીવનદાસજીની આજ્ઞાથી પુ. સ્વામી સંતસ્વરૂપદાસજી તથા કોઠારી સ્વામી ભક્તિપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ પીયાવા, ગોધરા, નાગલપુર, કોડાય, ડોણ વગેરે ગામના યુવાનો તેમજ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા કરવામાં આવી હતી. તમામ ભક્તોને સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા.

માંડવી મંદિરના સમસ્ત સાંખ્યયોગી બહેનો તેમજ ગૃહસ્થ બહેનોએ પણ વચનામૃત દરબાર દર્શન એવં હિંડોળા નિર્માણ કાર્યમાં ઉત્તમ સેવા પ્રદાન કરી સંતના સવિશેષ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

નિજ મંદિરના હિંડોળાનું સમગ્ર સંચાલન ભંડારી સ્વામી હૃદયપ્રકાશદાસજી તથા સ્વામી દર્શનપ્રકાશ દાસજીએ સંભાળ્યું હતું. વચનામૃત દરબાર દર્શન એવં હિંડોળા દર્શન કરી સહુ ભક્તો આનંદિત થયા હતા તથા પ્રભુ પ્રસાદ આરોગ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શા. સ્વામી નારાયણમુનિદાસજીએ કર્યું હતું.

તા. ૨૪-૮-૨૦૧૯ના જન્માષ્ટમીનો તહેવાર પણ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. તેમજ સાંજે મટકીફોડનો કાર્યક્રમ પણ ધામધૂમથી ઉજવાયો હતો. સૌ હરિભક્તોએ આ મટકીફોડ બાદ શ્રીઠાકોરજીને પારણીયા ઝુલાવ્યા હતા. ત્યારબાદ સૌને પંચામૃત તેમજ પંચાજીરીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

- કોઠારી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી

★★★★★★★★★★★★★★★★★★★★★

## અંજાર ખાતે તા. ૨૭-૦૭ થી ભવ્યાતિ ભવ્ય હિંડોળા દર્શન તથા સર્વ પ્રથમ વાર ૨૦૦ વર્ષ પહેલાંની યાદ તાજી કરાવતું હિંડોળા વિશેષ

## પ્રદર્શન તથા સંપૂર્ણ મંદિર અદભુત રીતે શણગાર

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં અંજાર મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી, સ.ગુ. પુ.સ્વામી હરિબળદાસજી, કોઠારી શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી વગેરે મંડળના સમગ્ર સંત મંડળના શુભ સંકલ્પથી તા.૧૮-૦૭-૧૯, હિંડોળા શરૂ કરેલ હતા તથા તા. ૨૭.૦૭ના રોજ સર્વ પ્રથમ વાર ૨૦૦ વર્ષ પહેલાંની યાદ તાજી કરાવતું હિંડોળા વિશેષ પ્રદર્શન તથા સંપૂર્ણ મંદિર અદ્‌ભુત રીતે શણગાર કરી સૌ હરિભક્તો માટે ખુલ્લું મૂકાયું હતું તથા મહાઆરતી સાથે તા. ૧૮.૦૮ ના સમાપન મહોત્સવ ઉજવાયો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા સ્વામી રામપ્રિયદાસજી, કો. સ્વામી માધવચરણદાસજી વગેરે મંડળના હિંડોળા સમિતિના સંતો તથા મંડળના અન્ય યુવાન સંતો તથા કોઠારી સામજીભાઇ હીરાણી, ટ્રસ્ટી મંડળના સર્વે સદસ્યો તથા કચ્છ શ્રી નરનારાયણદેવયુવક મંડળના યુવાનો તથા સમગ્ર સાં.યો. બહેનો તથા સર્વે નાના મોટા બાઇઓ તથા ભાઇઓ સર્વેએ પોતાનો કિંમતી સમય આપીને આ હિંડોળા મહોત્સવને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ, તો આ પાવન પ્રસંગનું પ.પૂ. ભુજ મંદિર મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, અંજાર મંદિર મહંત સ.ગુ. પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી આદિક વડીલ સંતોની ઉપસ્થિતિમાં મહાઆરતી સાથે સમાપન થયેલ હતું.



એક મહિના દરમ્યાન ચાલેલ હિંડોળા ઉત્સવમાં સહભાગી થનાર દાતાઓ સ્વયં સેવકો બહેનો ભાઇઓને પૂ મહંત સ્વામીએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૨૪-૮-૨૦૧૯ના જન્માષ્ટમીનો તહેવાર પણ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. તેમજ સાંજે મટકીફોડનો કાર્યક્રમ પણ ધામધૂમથી ઉજવાયો હતો. સૌ હરિભક્તોએ આ મટકીફોડ બાદ શ્રીઠાકોરજીને પારણીયા ઝુલાવ્યા હતા. ત્યારબાદ સૌને પંચામૃત તેમજ પંચાજીરીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

– અહેવાલ, ઠક્કર મેહુલકુમાર પ્રવિણચંદ્ર (અંજાર).

★★★★★★★★★★★★★★★★★★★

## સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી : કન્યાવિદ્યામંદિર, ભુજ

શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ (નરનારાયણદેવ) પ્રાયોજીત શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ભુજ-કચ્છ સંચાલિત શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના પટાંગણમાં ૭૩માં સ્વાતંત્ર્યપર્વનું તા. ૧૫-૮-૨૦૧૯ના રોજ હોંશભેર આયોજન કરવામાં આવ્યું હતું. જેના ઉપલક્ષ્યમાં પ્રાતઃકાળે ૭:૦૦ વાગ્યે સમગ્ર ટ્રસ્ટમંડળ, શિક્ષકગણ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહિ હતી.

રાષ્ટ્રીય પર્વની શરુઆત વિદ્યાર્થિનીઓ દ્વારા પરેડથી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખશ્રી રત્નાભાઇ કેરાઈ તથા વરિષ્ઠ અગ્રણીઓ દ્વારા ધ્વજારોહણ કરવામાં



આવ્યું હતું. આપણા દેશના આન-બાન-શાનનાં પ્રતિક સમા ધ્વજને સલામી સાથે રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું.

પ્રસંગોચિત ઉદ્‌બોધન સંસ્થાના ટ્રસ્ટીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયાએ કર્યું હતું. અને દેશ પ્રત્યે દરેક નાગરીકોએ હકની સાથોસાથ ફરજ પણ નિષ્ઠાએ બજાવવી જોઈએ તેવું વિદ્યાર્થિનીઓને સમજાવ્યું હતું. દેશના યુવાધનનાં પ્રતિનિધિરૂપ વિદ્યાર્થીની સિજુ માનસીએ પોતાના દેશ પ્રત્યે, સ્વાતંત્ર્ય પર્વ પ્રત્યે અને આજના યુવાઓનાં કર્તવ્ય વિશે પોતાના સ્પષ્ટ વિચારો રજૂ કર્યા હતા.

અંતે સમગ્ર કચ્છમાં ચાલતું એક ખૂબ જ અનિવાર્ય અભિયાન "તેરા તુજકો અર્પણ..."નાં ઉપલક્ષ્યમાં પ્રત્યેક ટ્રસ્ટમંડળનાં સભ્યો, શિક્ષકગણ તથા વિદ્યાર્થીનિઓએ સાથે મળીને વૃક્ષારોપણ કર્યું હતું અને વૃક્ષોના ઉછેર અને સંવર્ધન માટેની શુભ ભાવના પણ કેળવી હતી. -આચાર્યશ્રી

★★★★★★★★★★★★★★★★★★★

## ૭૩ માં સ્વાતંત્ર પર્વ નિમિતે શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ શાળામાં ધ્વજવંદન અને વૃક્ષારોપણ કાર્યક્રમની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય- માંડવી ખાતે સંસ્થાના સંચાલક શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીના માર્ગદર્શન દ્વારા ૧૫ ઓગસ્ટ ૨૦૧૯ ના ૭૩ માં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમની શરુઆત સંસ્થાના સંચાલક શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા માંડવી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજી દ્વારા અન્ય સંતો સ્વામી સંતસ્વરૂપદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી ભજનપ્રકાશદાસજી, સ્વામી સત્સંગસેવકદાસજી, ટ્રસ્ટીશ્રી દેવજીભાઇ હિરાણી, શાળાના આચાર્યશ્રીઓ જીતેન્દ્રસિંહ સોલંકી તથા દિલીપસિંહ જાડેજા અને સર્વે શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓની હાજરીમાં ધ્વજ ફરકાવી કરવામાં આવી.

તદ્‌ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા ચાલતા વનીકરણ કાર્યક્રમ અંતર્ગત આજે સંતો તથા અન્ય મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને શાળાને મળેલ લક્ષ્યાંકથી પણ વધારે વૃક્ષો વાવી આ અભિયાનને સંપન્ન કરવામાં આવ્યું હતું.

સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ વર્તમાન નેતૃત્વ દ્વારા રાષ્ટ્ર હિત માટે લીધેલ પગલાઓની પ્રસંશા કરી હતી તથા વિદ્યાર્થીઓ એક બાળ એક ઝાડ વાવી તેનું જતન કરે અને પર્યાવરણ બચાવવામાં પોતાનું યોગદાન આપે તેવી અપીલ કરી હતી.

કાર્યક્રમને અંતે સર્વેને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું. -આચાર્યશ્રી

★★★★★★★★★★★★★★★★★★★

## જીવદયા - સેવાની સરવાણી : ભુજ

વરસાદ ખેંચાઈ જતાં ઘાસચરાની તંગી અને અભાવની પરિસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા અબોલ જીવોની વહારે આવી સમગ્ર કચ્છમાં ઘાસચારો પહોંચે તે માટે પ્રબંધ ગોઠવવામાં આવેલ.

લીલાચારા માટે જાર (જુવાર) વાઢીને ટેમ્પામાં ભરવાનું કાર્ય ખૂબ જ મહેનત માગી લે તેવું છે. પરંતુ ભુજ મંદિરના સંતોની પ્રેરણાથી શ્રીહરિની પ્રસન્નતાર્થે કુંદનપર, કેરા, મેઘપર જેવા અનેક ગામના હરિભક્તોએ અસહ્ય ગરમી અને ઉકળાટના વાતાવરણમાં લાગલગાટ છ-છ માસ સુધી શ્રમ કરીને ઘાસચારો વાઢવાનું અને ટેમ્પાઓમાં ભરવાનું કાર્ય અવિરત ચાલુ રાખી ગૌવંશની અદ્‌ભુત સેવા કરી છે. એક એક ટેમ્પામાં ૧૫૦ થી ૨૦૦ મણ જેટલો લીલોચારો ભરી જરુરિયાતવાળા સ્થળોએ પહોંચાડવાની વ્યવસ્થા સ્વામી ભક્તિચરણદાસજી, સ્વામી જગજીવનદાસજી આદિ સંતોની સીધી દેખરેખ નીચે પાર પાડવામાં આવી અને સૌ સેવાભાવી હરિસેવકોએ એક પ્રેરણાદાયક સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે.

પ્રાત:સ્મણરણીય પ.પૂ. સ.ગુ. મહંત પુ. સ્વામી

ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોના આશીર્વાદથી આવા જીવદયાના કાર્યો મંદિર દ્વારા થતા રહે છે.

- સ્વામી ભક્તિચરણદાસજી

★★★★★★★★★★★★★★★★★★★★★★

## હિંડોળા ઉત્સવ : ભક્તિનગર

હિંડોળા ઉત્સવનું શ્રી સ્વામિનારાયણ મંદિર, ભક્તિનગરમાં તા. ૩-૮-૧૯ના ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ્વામી ગોલોકવિહારી દાસજી, સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી આદિ સંતો પધાર્યા હતા. આ દરમ્યાન સ્વામી ભક્તિપ્રિયદાસજીએ ''વૃક્ષો વાવો અને વરસાદ લાવો'' વિષય પર પ્રવચન કર્યું હતું અને પાણી બચાવવાની વાત કરી હતી. કોઈ ચડાવા વિના હિંડોળા પ્રદર્શનને ખૂલ્લું મુકવામાં આવ્યું હતું. વચનામૃતના હિંડોળા તેમજ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતો હિંડોળા તેમજ વચનામૃત પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમ સંચાલન સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ સંભાળ્યું હતું.

- જોધાણી રમીલા દેવજી, ભક્તિનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★

## વિવિધ ઉત્સવની ઉજવણી : સુખપર

શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપર મધ્યે એક માસ સુધી હિંડોળા મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. દરરોજ નવા નવા હિંડોળા તૈયાર કરીને શ્રીઠાકોરજીને ઝુલાવવામાં આવ્યા હતા.

કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, યુવતી મંડળ, મહિલા મંડળ તેમજ સાંખ્યયોગી બહેનોના માર્ગદર્શન હેઠળ હિંડોળા તૈયાર કરવામાં આવ્યા હતા. સૌ હરિભક્તોએ શ્રીઠાકોરજીને હિંડોળે ઝુલાવી દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. રોજ રંગબેરંગી, અદ્ભુત, સુંદર કલાત્મક, વિવિધ ડીઝાઈનો દ્વારા હિંડોળા તૈયાર કરવામાં આવ્યા હતા. બહેનોના મંદિરમાં પણ હિંડોળે શ્રીઠાકોરજીને ઝુલાવીને બહેનોએ દર્શનનો લાભ લીધો હતો. હિંડોળા ઉત્સવ દરમ્યાન સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળના સંતો શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સ્વામી માધવપ્રિયદાસજી, સ્વામી પતિતપાવનદાસજી, સ્વામી નારાયણદાસજી, સ્વામી બ્રહ્મસ્વરૂપદાસજી પધારી કથાવાર્તા તેમજ સત્સંગનો લાભ આપ્યો હતો. યુવાનોને સાચો રસ્તો મળી રહે તે હેતુથી સંતોએ યુવાનોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

તા. ૧૭-૮-૨૦૧૯ શનિવારના રોજ હિંડોળાની સમાપ્તિ કરવામાં આવી હતી. આ દિવસે શ્રીઠાકોરજીને વૃક્ષની વેલીએ, આંબાની ડાળીએ બેસાડી સુશોભિત ઝૂંપડીનું નિર્માણ કરી ઝુલાવવામાં આવેલ અને સૌ હરિભક્તોએ આ દર્શનનો લાભ લીધો હતો. ત્યારબાદ સાંજે હિંડોળા સમાપ્તિની આરતી ઉતારવામાં આવેલ.

**જન્માષ્ટમી મહોત્સવ :** શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપર દ્વારા તા. ૨૪-૮-૨૦૧૯ શનિવાર જન્માષ્ટમીના પાવન દિવસે મંગળા આરતી બાદ પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, યુવતી મંડળ, મહિલા મંડળ, વડીલો તેમજ શ્રી ઘનશ્યામ બાલ મંડળના બાળકો, બાલિકાઓ જોડાઈ ધૂન-કીર્તનના નાદ સાથે વાજિંત્રોના સથવારે ગામમાં ફરી મંદિરમાં વિરામ લીધો હતો. આ દિવસે સાંજે મંદિરમાં સમૈયાનું આયોજન કરવામાં આવ્યું હતું. વડીલો, યુવાનો ધૂન, કીર્તન કરી શ્રીહરિનો રાજીપો મેળવ્યો હતો. ત્યારબાદ રાત્રે ૧૨:૦૦ કલાકે શ્રીકૃષ્ણ પ્રાગટ્યની આરતી કરવામાં આવી હતી. બહોળી સંખ્યામાં હરિભક્તો જોડાઈ આરતીનો લાભ લીધો હતો. સૌ હરિભક્તોએ શ્રીકૃષ્ણને પારણીયે ઝુલાવ્યા હતા. ત્યારબાદ સૌ હરિભક્તોને પંચામૃત તેમજ પંચાજીરીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ સૌ હરિભક્તો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

- કિશોર આર. પિંડોરીયા, સુખપર

★★★★★★★★★★★★★★★★★★★★★★

## હિંડોળા મહોત્સવ : વિલેપાર્લે મુંબઈ

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલેપાર્લે મુંબઈ મધ્યે તા. ૨૧-૭-૨૦૧૯ થી તા. ૧૮-૮-૨૦૧૯

દરમ્યાન ભવ્યાતિ ભવ્ય અને નયનરમ્ય હિંડોળા એવં દર રવિવારે વિશેષ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા શ્રીકૃષ્ણ ભગવાને કુંજગલીમાં જે લીલા કરી હતી તેને પ્રદર્શનના રૂપમાં રાખવામાં આવી હતી. જેનો બહોળી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. સાથે સાથે દર રવિવારે વિવિધ યજમાનોએ યજમાનપદે સેવાઓ આપી હતી. તા. ૨૭-૭-૨૦૧૯ રવિવારે વિશેષ હિંડોળા ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેના ભોજનપ્રસાદના યજમાન પ.ભ.ઘનશ્યામભાઈ પૂંજા નીસર અને પ.ભ. તલકશીભાઈ પોપટભાઈ નીસર રહ્યા હતા. વક્તાપદે શા.સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ કથાવાર્તાનો અનેરો લાભ આપ્યો હતો તથા મહંત સ્વામી મહાપુરુષદાસજીએ આશીર્વચન આપ્યાં હતાં. સંચાલન કોઠારી સ્વામી સંતજીવનદાસજીએ કર્યું હતું. અલગ અલગ હરિભક્તોએ હિંડોળાના ચડાવાનો ઊંચો આંક આપીને યજમાનપદનો લાભ લીધો હતો.

તા. ૪-૮-૨૦૧૯ રવિવારના વિશેષ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના યજમાનપદે જે.બી.નગર અંધેરીના હરિભક્તો રહ્યા હતા. અને સભામાં ભજન-ભક્તિની સાથે સંતોના રૂડા આશીર્વાદ મેળવી બધા હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. તેમજ સભામાં જ્ઞાન સાથે ગમ્મત પ્રોજેક્ટરના માધ્યમથી રાખવામાં આવી હતી. જેમાં સત્સંગ વિશેના વિવિધ સવાલ-જવાબ દ્વારા સહુ કોઈએ આનંદ સાથે સભાનું રસપાન કર્યું હતું. અને છેલ્લે ભોજનરૂપી મહાપ્રસાદ લીધો હતો.

તા. ૧૧-૮-૨૦૧૯ રવિવારના અગિયારસના દિવસે પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી સ્વામીના સાંનિધ્યમાં મુંબઈના વિવિધ વિસ્તારોના કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળોના યુવાનો બહોળી સંખ્યામાં હાજર રહી મહંત સ્વામીના આશીર્વાદ મેળવ્યા હતા. તેમજ સ્થાનિક હરિભક્તોએ પણ મહંત સ્વામીની અમૃતવાણીનો લાભ લીધો હતો. આ સભાના ભોજનપ્રસાદના યજમાન કચ્છના ગામ જુના કટારીયાના પ.ભ. બાબુભાઈ મોહનભાઈ રાવરીયા સપરિવાર રહ્યા હતા.

તા. ૧૮-૮-૨૦૧૯ રવિવારના હિંડોળા સમાપ્તિની આરતીના દિવસે વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યજમાનોએ હિંડોળા સમાપ્તિની આરતીનો લાભ લીધો હતો. અને સભામાં સૌ હરિભક્તોએ કથાવાર્તા તેમજ સંતોના મુખેથી જીવન ઉપયોગી અને સત્સંગ પ્રત્યે દૃઢતા કેમ વધે એના વિષે અમૃતવાણીનો લાભ લીધો હતો. આ સભાનું સંચાલન પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું. અને આ સભાના ભોજનપ્રસાદના યજમાન કચ્છના ગામ દુધઈના યુવાનો રહ્યા હતા.

– કોઠારી પુ. સ્વામી સંતજીવનદાસજી

★★★★★★★★★★★★★★★★★★★★

## નખત્રાણા શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે ભવ્ય હિંડોળા મહોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, નખત્રાણા મધ્યે પૌરાણિક પરંપરા પ્રમાણે સંપ્રદાયમાં અનેકવિધ ઉત્સવ ઉજવવાની પરંપરા પૈકી આનંદ અને ઉત્સાહથી કલાત્મક હિંડોળા ઉત્સવમાં શ્રીઠાકોરજીને ઝુલાવી સર્વે ભક્તોએ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.



રોજરોજના હિંડોળાના અલગ અલગ ભક્તો યજમાનપદે રહી સેવાનો લાભ લીધો હતો. હિંડોળાઓને સુશોભન સભરરૂપ આપવા સેવાનું બીડું ઝડપી સત્સંગી

મહિલાઓ તેમજ યુવતી મંડળ એ રાત્રી દિવસ જોયા વિના સેવાનું યોગદાન આપ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મથલથી સંતો પધારી સત્સંગને વધુ વધુ વિકસિત બનાવવા પ્રયત્નશીલ રહેતા હોય છે. તેમ આ હિંડોળા ઉત્સવમાં પણ યોગ્ય માર્ગદર્શન પૂરું પાડીને આ મંદિરનાં અગ્રગણ્ય હરિભક્તોને પ્રેરિત કર્યા હતા. ભાઈઓ-બહેનો, બાળકો સૌ હરિભક્તોએ ઉત્સવને અનેરો ઓપ આપ્યો હતો ને નખત્રાણા શહેરના ભાવિક ભક્તો આકર્ષાઈ દર્શન માટે ઉમટી દર્શનનો લાભ લીધો હતો. આ ઉત્સવમાં નખત્રાણાના આજુબાજુના સત્સંગના ગામડાઓમાંથી સાંખ્યયોગી બહેનો કાયમ આવે તેજ રીતે આ ઉત્સવમાં પણ માર્ગદર્શન આપી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

ઉત્સવના અંતે પૂર્ણાહુતિ નિમિત્તે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતો દ્વારા સત્સંગની લહાણી થઈને પૂર્ણાહુતિની આરતી કરી. શ્રીઠાકોરજીને હિંડોળેથી નીચે ઉતારવામાં આવ્યા હતા.

– સ્વામી શ્યામકૃષ્ણદાસજી

★★★★★★★★★★★★★★★★★★★★

## હિંડોળા દર્શન પ્રવાસ : સમાઘોઘા (મુન્દ્રા)

સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ સંતોની પ્રેરણાથી મુન્દ્રા તાલુકાના સમાઘોઘા ગામના સર્વે ધર્મપ્રેમી સત્સંગી બાઈઓ તથા બાઈઓ, નાના-મોટા ક્ષત્રિય બાપુ આદિ પરિવારને ભુજ મંદિરના સંતોની પ્રેરણાથી મોટી બસ કરીને અંજાર, ભુજ, માંડવી આદિ ઠાકોરજી તથા હિંડોળાના દર્શન કર્યા હતા. બસના ભાડાની સેવા સંતોની પ્રેરણાથી સુખપર-મદનપુરના પ.ભ. કરસનભાઈ નારણ ખેતાણી પરિવાર તરફથી કરવામાં આવી હતી. સમાઘોઘાના સર્વે બાઈઓ-ભાઈઓ દર્શન કરીને બહુ આનંદ પામ્યા હતા. તો આવા સેવાભાવી ભક્તો હંમેશા આવી સેવા કરતા રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

## :: અક્ષરવાસ ::

પ.ભ. મયારામભાઈ, ૭૪ વર્ષની ઉંમરે તા.૦૮-૦૮-૧૯ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. પોતાના પિતાશ્રીનું જીવન જેમ અંજાર મંદિરની ગાયોની સેવામાં સમર્પિત હતું એવી જ રીતે ૮ વર્ષથી અંજાર મંદિરની ગાયોની સેવામાં પિતા સાથે રહેલ ગાયોની સેવા ખાતર પોતે લગ્ન પણ નહોતા કરેલ. રાત દિવસ ગાયો સાથે વિતાવનાર, ગાય એજ મારો પરિવાર આવી સારી ભાવના ધરાવનાર સાચા અર્થમાં જેને 'ગૌસેવક' કહી શકાય એવા પ.ભ.મયારામભાઈ ટૂંકી બિમારી ભોગવી ભગવત્સ્મરણ સાથે શ્રી ઘનશ્યામ મહારાજ અને સંતોના સાંનિધ્યમાં અ.નિ. થયા છે. આપના અક્ષરનિવાસથી અંજાર સત્સંગને ખૂબજ મોટી ખોટ પડી છે. આપનું મૂળ ગામ ભીમાસર પિતાશ્રી હિરાભાઈ આહિર સમાજના ગોરપણું કરતા પણ ગાય માટે જીવન જીવનાર પ.ભ. મયારામભાઈના અક્ષરનિવાસીથી ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સદ્ કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા અંજાર મંદિરના મહંત સ.ગુ. પુ.સ્વામી બાલકૃષ્ણ દાસજી, સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી, સ.ગુ. પુ.સ્વામી હરિબળદાસજી આદિ સંતોએ દુઃખ વ્યક્ત કર્યું હતું અને ૧૦ તારીખે રાખેલ શ્રધ્ધાંજલી સભામાં સંતો તથા મંદિરના ટ્રસ્ટીઓએ શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતાં. શ્રીહરિ એમના ચરણોનું સુખ આપે એવી પ્રાર્થના.

## :: અક્ષરવાસ ::

અંજારના મૂળ નેત્રાના રતનબેન કેશરાભાઈ સાંખલા શ્રાવણ વદ ૧ તા. ૧૬-૮-૨૦૧૯ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. વર્ષો સુધી અંજારમાં રહી શ્રીઘનશ્યામ મહારાજની સેવા કરી સંતો, સાંખ્યયોગી બહેનોનો રાજીપો મેળવ્યો હતો. અમની બે પુત્રીઓ સાં.યો. જયાબેન, સાં.યો. મંજુબેન અંજાર મંદિરમાં રહિ સેવા કરે છે. પુણ્ય આત્માને શ્રીઘનશ્યામ મહારાજ પોતાના ચરણનું સુખ આપે અને આપની ચિરવિદાયથી એમના પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે એજ શ્રીનરનારાયણદેવને પ્રાર્થના.



# સત્સંગ સમાચાર વિદેશ

## ૪૨મો વાર્ષિક પાટોત્સવ : ઓલ્ડહામ

શ્રી સ્વામિનારાયણ મંદિર, ઓલ્ડહામનો ૪૨મો વાર્ષિક પાટોત્સવ પૂ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી શાંતિપ્રિયદાસજી આદિ ૩૬ સંતોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાઈ ગયો. સાથોસાથ નૂતન મંદિરના ખાતમુહૂર્તનો પણ દિવ્ય અદ્‌ભુત કાર્યક્રમ વિધિવિધાન સાથે સંપૂર્ણ થયો.

તા. ૨૯ જુલાઈથી થી ૪ ઓગસ્ટ દરમ્યાન સપ્તાહ પારાયણમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી વિરચિત શ્રીહરિસ્મૃતિની કથાનું આયોજન રાખેલ હતું. કથા ભુજ મંદિરના સંતો સ્વામી દેવનંદનદાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ સંભળાવી હતી. તેમજ સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી ધ્યાનસ્વરૂપદાસજીએ સંગીતમાં સહયોગ આપ્યો હતો. આ પ્રસંગ દરમ્યાન નૂતન મંદિર નિર્માણના દાતાઓની વરણી કરવામાં આવી હતી. ખાતમુહૂર્તના યજમાન પ.ભ. પ્રેમજીભાઈ હરજી ગોરસીયા પરિવાર તથા પ.ભ. રામજીભાઈ જાદવા વેકરીયા પરિવાર મોટી રકમ આપી લાભ લીધો હતો. બીજા હરિભક્તો પોતાની યથાશક્તિ પ્રમાણે મંદિર નવનિર્માણમાં પોતાનું આર્થિક યોગદાન આપ્યું હતું. ભુજ મંદિર હેઠળ થતું મંદિરનું નવનિર્માણ મંદિર માટે પ્રાર્થનાખંડ, સંતનિવાસ, નર્સરી, ગુજરાતી શાળા, લગ્નહોલ, વિશાળ રસોડો, પાર્કિંગ વગેરે અનેક સુવિધાઓથી સજ્જ થશે. જેમાં કચ્છના લંડનમાં ૮ મંદિરો છે તે દરેક મંદિરો તથા ભક્તોનો સહયોગ મળશે. સવા એકર જમીનમાં મંદિર થશે.

તા. ૨-૮-૨૦૧૯ના સવારના ૧૦:૩૦ વાગ્યે શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત મહાભિષેક પૂ. મહંત સ્વામી આદિ સંતો તેમજ યજમાનો સાથે કરવામાં આવ્યો હતો. ૧૧:૦૦ વાગ્યે પાટોત્સવની આરતી કરવામાં આવી હતી. પૂજ્ય મહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી કેશવજીવનદાસજી, સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સ્વામી શાંતિપ્રિયદાસજી, સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી પરમહંસદાજી, સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી વગેરે સંતોએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ખાતમુહૂર્ત તા. ૩-૮-૧૯ શ્રાવણ સુદ ૪ શનિવારના રોજ ધામધૂમથી યુ.કે. ના ૭ મંદિરોના ભક્તો તથા મહંત સ્વામી આદિ ૩૬ સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. દરરોજ કથા દરમ્યાન વિવિધ ઉત્સવો, જન્મોત્સવ, ફૂલડોલોત્સવ, ભુજ આગમન મહોત્સવ, રાસોત્સવ જેવા ઉત્સવો ઉજવાયા હતા.

તા. ૩-૮-૨૦૧૯ શનિવારના સવારની કથાબાદ મંદિરની નવી સાઈટ પર ખાતમુહૂર્ત મહંત સ્વામી આદિ વડીલ સંતો હસ્તે કરવામાં આવેલ. બપોરપછીની કથા નવી સાઈટ પર રાખવામાં આવી હતી. કથાબાદ રાત્રે ભુજ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થિનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ સંતો સાથે રાસોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સર્વે હરિભક્તોએ આ ઉત્સવ ખૂબ ઉત્સાહથી માણ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક રાજકીય મહેમાનો તથા કાઉન્સિલરો તથા અન્ય મહેમાનોને આવકાર્યા હતા.

તા. ૪-૮-૨૦૧૯ રવિવારના રોજ સવારના મહાપૂજા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કથાની પૂર્ણાહુતિબાદ સિંહાસન તેમજ બહારના ધ્વજનો ચડાવો લેવામાં આવ્યો હતો. ત્યારબાદ આભારવિધિ અને

મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.

સન્ ૧૯૭૭ સંવત્ ૨૦૩૩ના રોજ આ મંદિરની સ્થાપના થઈ અને મૂર્તિપ્રતિષ્ઠા સંવત ૨૦૩૩માં થઈ.

ભુજથી સૌ પ્રથમ સ્વામી ધર્મકિશોરદાસજી, સ્વામી હરિસ્વરૂપદાસજી આદિ સંતો ઈ.સ. ૧૯૮૨ના પધાર્યા. શ્રીસહજાનંદ સ્વામી કેન્ટન હેરો મંદિર માટે અમદાવાદથી આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ લાવ્યા હતા. બાકીના બે મૂર્તિ શ્રીઘનશ્યામ મહારાજ તથા શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રીનરનારાયણદેવ, માણકી ઘોડી તથા સહજાનંદ સ્વામીની પધરામણી સન્ ૧૯૭૮ના કરવામાં આવી. ત્યારથી સર્વ ભક્તોને દર્શન આપી સૌને સુખી કરી રહ્યા છે.

★★★★★★★★★★★★★★★★★★★★

## વાર્ષિક સામાન્ય સભા : શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર લંડન કેન્ટન હેરો

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર લંડન તા. ૨૧-૭-૨૦૧૯, રવિવારના વાર્ષિક સામાન્ય સભા બોલાવવામાં આવેલ. મંત્રીશ્રી રિકિનભાઈએ ગત સભાની નોંધ વાંચી સંભળાવેલ. ત્યારબાદ સહખજાનજીશ્રી ધર્મેન્દ્રભાઈ દેવજી જેસાણીએ આવક-જાવકના હિસાબ વાંચી સંભળાવેલ. જેમાં સભાએ સહમતીથી હિસાબ મંજુર રાખવામાં આવેલ. સહખજાનજીશ્રીએ આવતા વર્ષનો અંદાજિત ખર્ચ વાંચી સંભળાવેલ. ત્યારબાદ વર્ષ ૨૦૧૯થી ૨૦૨૦ના કાર્યવાહી કમિટીની ચૂંટણી કરવામાં આવેલ જે નીચે મુજબ છે.

પ્રમુખશ્રી વિશ્રામભાઈ વાઘજી માયાણી - દહીંસરા, ઉપપ્રમુખશ્રી કાનજીભાઈ મનજી કેરાઈ - રામપર, મંત્રીશ્રી હરીશભાઈ કરસન જેસાણી - દહીંસરા, સહમંત્રીશ્રી વિનેશભાઈ વાલજી પિંડોરીયા - સુખપર રોહા, મદદનીશમંત્રી રસિકભાઈ સામજી વેકરીયા - સુરજપર, ખજાનચી લલિતભાઈ કરસન ભંડેરી - માંડવી, સહખજાનજી ધર્મેન્દ્રભાઈ દેવજી જેસાણી - બળદીયા, મદદનીશ ખજાનજી દીપકભાઈ કાનજી હીરાણી - માંડવી.

સભ્યો : અરવિંદભાઈ કરસન ભંડેરી - માંડવી, મનજીભાઈ કેશરા હીરાણી - સુખપર રોહા, નાનજીભાઈ માવજી જેસાણી - દહીંસરા, વિશાલભાઈ લલિત ભંડેરી - માંડવી, હર્ષિલભાઈ લલિત ભંડેરી - માંડવી, જાવજીભાઈ કાનજી કેરાઈ - બળદીયા, ભાવેશભાઈ દિનેશ કરસન - દહીંસરા, દેવજીભાઈ કરસન માયાણી - દહીંસરા, નારણભાઈ વેલજી ભુડીયા - નારણપર, વાલજીભાઈ વિશ્રામ કારા - માંડવી, વીરજીભાઈ પરબત હલારીયા - કેરા.

- પ્રમુખશ્રી વિશ્રામભાઈ વાઘજી માયાણી અને મંત્રી હરીશભાઈ કરસન જેસાણી

★★★★★★★★★★★★★★★★★★★★

## વાર્ષિક સભા : મોમ્બાસા કેન્યા

શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર, મોમ્બાસાની વાર્ષિક સભા તા. ૭-૭-૨૦૧૯ રવિવારના સાંજે ૭:૩૦ વાગ્યે કથા વિરામબાદ બોલવવામાં આવેલ. જેમાં વાર્ષિક અહેવાલ અને ગત સભા મળેલ તે મીનિટસનું વાંચન અને ડિસેમ્બર ૨૦૧૮ સુધીનાં ઓડિટેડ થયેલ વાર્ષિક આવક જાવકનાં હિસાબોની રજૂઆતો સર્વાનુમતે પાસ કરવામાં આવેલ. ત્યારબાદ નવા વર્ષ માટે નવી કાર્યવાહી સમિતિની નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ તે નીચે મુજબ છે.

પ્રમુખ નારણભાઈ વાલજી મેપાણી - સુરજપર, ઉપપ્રમુખ લાલજીભાઈ પ્રેમજી પિંડોરીયા - કુંદનપર, ઉપપ્રમુખ હીરજીભાઈ કરસન હાલાઈ - કેરા, માનદમંત્રી ભરતભાઈ માવજી પિંડોરીયા - આ.સુખપર, સહમંત્રી કરસનભાઈ લક્ષ્મણ રાઘવાણી - બળદીયા, સહમંત્રી કિશોરભાઈ વાલજી ખેતાણી - ફોટડી, ખજાનચી જેન્તીલાલ વાલજી ખેતાણી - ફોટડી, સહખજાનચી હરીશભાઈ પ્રેમજી હીરાણી - માનકુવા.

સભ્યોશ્રી : મુકેશભાઈ કાનજી કેરાઈ - આ.સુખપર, આનંદભાઈ નારણ પિંડોરીયા - સામત્રા, નરેન્દ્રભાઈ નારણ વેકરીયા - નારણપર, મુકેશભાઈ શીવજી હીરાણી - ફોટડી, કેશરાભાઈ વિશ્રામ પાંચાણી -

ઉ.સુખપર, લાલજીભાઈ મનજી ગોરસીયા, માનકુવા, રામજીભાઈ મુરજી હીરાણી - આ.સુખપર, અરવિંદભાઈ કલ્યાણ હાલાઈ - કુંદનપર, રવજીભાઈ રામજી રાબડીયા - ભારાસર, જયેન્દ્રભાઈ ધનજી હીરાણી - મીરજાપર, ગોવિંદભાઈ રવજી ઠાકરાણી - બળદીયા, વિનોદભાઈ કલ્યાણ ઠાકરાણી - બળદીયા, કુંરજીભાઈ રવજી વાલાણી - બળદીયા, જીતેનભાઈ વીઠલ કેરાઈ - આ. સુખપર, અરવિંદભાઈ મનજી વરસાણી - માનકુવા, અરવિંદભાઈ નારણ વેકરીયા - સુરજપર, રાજેશભાઈ કુંરજી વાલાણી - બળદીયા, ધર્મેશભાઈ નારણ હીરાણી - માંડવી, રમેશભાઈ વિશ્રામ હીરાણી - માંડવી

તદુપરાંત ટ્રસ્ટીશ્રીઓની મુદત પુરી થતાં પાંચ વર્ષ માટે મંદિર તથા ચેરીટેબલ ટ્રસ્ટીશ્રીઓની પણ પાંચ વર્ષ માટે વરણી કરવામાં આવેલ તે નીચે પ્રમાણે છે.

મંદિરના ટ્રસ્ટીશ્રીઓ : નારણભાઈ વાલજી મેપાણી - સુરજપર, રમેશભાઈ ધનજી હીરાણી - મીરજાપર, નારણભાઈ પ્રેમજી વેકરીયા - સુરજપર, માવજીભાઈ કાનજી હીરાણી - માનકુવા, રવજીભાઈ વેલજી ધનાણી - ઉ.સુખપર.

ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ : નારણભાઈ ખીમજી હીરાણી - માંડવી, રમેશભાઈ ભીમજી ભુડીયા - ફોટડી, હીરજીભાઈ રામજી હાલાઈ - સુરજપર, મહેશભાઈ ગોપાલ ધનાણી - સામત્રા, ગીલેશભાઈ ભીમજી ભુડીયા - ફોટડી.

- અધ્યક્ષશ્રી નારણભાઈ વાલજી મેપાણી

મંત્રીશ્રી ભરતભાઈ માવજી પિંડોરીયા

★★★★★★★★★★★★★★★★★★★★★

## કેરુગોયા(કન્યા)માં ભવ્ય હિંડોળાનું આયોજન તથા ઉજવણી

નૂતન નવનિર્મિત કેરુગોયા(કેન્યા) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ચાતુર્માસના પવિત્ર દિવસોમાં સત્સંગ, કથા, કીર્તનની સુંદર સરવાણી ચાલે છે. દરરોજ



નવા નવા હિંડોળાના શણગાર કરીને શ્રીહરિકૃષ્ણ મહારાજને પારણીયે ઝુલાવીને સમગ્ર ગામજનો પુણ્યનું ભાથું બાંધ્યું હતું. આ સમગ્ર ઉત્સવનું આયોજન સૌ કેરુગોયા ગામના યુવાનો, નાના બાળકો, યુવતી મંડળ રાત-દિવસ જોયા વિના એક ભગવાનને રાજી કરવાના આશયથી જ હિંડળાના શણગાર કરતા હતા. ને વડીલોના માર્ગદર્શનમાં યુવાનો કામકાજ કરતા હતા.

ચાતુર્માસ દરમ્યાન દર વર્ષ મુજબ આ વર્ષે વિચરણમાં સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીના મંડળના સંતોમાં સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સ્વામી નંદકિશોરદાસજી, સ્વામી કૃષ્ણજીવનદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી, સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, સ્વામી આનંદવલ્લભદાસજી પધારી પાંચ દિવસ કેરુગોયા પધારીને સત્સંગ, કથાવાર્તાનો લાભ આપ્યો હતો. વચનામૃત જયંતી ઉજવણી વર્ષ અંતર્ગત વચનામૃતની મંદિરમાં પૂજનવિધિ સ્વામી આનંદવલ્લભદાસજીએ વિધિપૂર્વક કરાવી હતી.

શ્રાવણ વદ ૨ તા. ૧૭-૮-૨૦૧૯ના રોજ હિંડોળાની સમાપ્તિ સાંજ ૭:૦૦ કલાકે સૌ ગામજનો, વડીલ હરિભક્ત, બાઈ-ભાઈઓની ઉપસ્થિતિમાં મહાઆરતી કરીને ધામધૂમપૂર્વક સમાપ્તિ કરવામાં આવી હતી.

- મિલનભાઈ, કેરુગોયા

★★★★★★★★★★★★★★★★★★★★★

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, કેન્ટન હેરો

શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર, કેન્ટન હેરો લંડન મધ્યે તા. ૨૨ થી ૨૮ જુલાઈ ૨૦૧૯ સોમવારથી રવિવાર દરમ્યાન શ્રી ઘનશ્યામ મહારાજ પુનઃસ્થાપના મહોત્સવ પ્રસંગને નિમિત્ત બનાવી શ્રીમદ્ ભાગવત શાસ્ત્રની સપ્તાહ પારાયણનું અદ્ભુત અવિસ્મરણીય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદથી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી સહિત ૨૫ સંતોની ઉપસ્થિતિ રહી હતી.

સુવર્ણ સિંહાસન જીર્ણોદ્ધાર પ્રસંગ અંતર્ગત શ્રી ઘનશ્યામ મહારાજના સિંહાસનને સુવર્ણનું બનાવવાનું હોવાથી શ્રી ઘનશ્યામ મહારાજને વિધિપૂર્વક તત્ત્વગ્રહણ કરી ઉત્થાપન્ન બાદ ૧ ફૂટ ઊંચું સિંહાસનનું નિર્માણ કરી પુનઃનૂતન સિંહાસનમાં પધરાવવાનો વિધિ હોવાથી પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂજ્ય મહંત સ્વામીના વરદ્હસ્તે તા. ૨૭-૨૮ જુલાઈ બે દિવસ દરમ્યાન શ્રીહરિ યાગ સાથે આ કાર્ય આચાર્ય મહારાજશ્રીના હસ્તે સંપન્ન કરવામાં આવ્યું હતું.

૧૫૦ જેટલા યજમનો આ યાગમાં સહભાગી થયા હતા. મંદિરના ગોર દિનેશભાઈ શુકલાએ આ શ્રીહરિયાગને વિધિપૂર્વક સંપન્ન કરાવેલો હતો.

ભુજ મંદિરના વક્તા સ્વામી દેવનંદનદાસજી અને સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ કથા સંભળાવી હતી. આ પ્રસંગે આચાર્ય મહારાજથી, મહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ. સ્વામી વિશ્વવલ્લભ દાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી પરમહંસદાસજી, સ્વામી ઈશ્વસ્વરૂપદાસજી પ્રસંગોચિત શુભાશીર્વાદ પાઠવ્યા હતા. સંભાનું સંચાલન શા. સ્વામી દેવચરણદાસજીએ સંભાળ્યું હતું.

આ પ્રસંગે મંદિરની બહાર પથ્થરનું કાર્ય થયેલ તેનું ઉદ્ઘાટન પૂ. આચાર્ય મહારાજશ્રી તથા યજમાનોના હસ્તે થયું હતું.

પ.ભ. સુરેશભાઈ રાબડીયા આ પ્રસંગમાં સહભાગી થયેલ સુવર્ણસિંહાસનના દાતાઓનો, સ્વંયસેવકો, શ્રી સ્વામિનારાયણ યુવક-યુવતી મંડળ તેમજ દરેક નાના-મોટા દાતાઓને આવકાર્યા હતા અને સૌનો આભાર માન્યો હતો.

- સેક્રેટરી હરિશભાઈ જેસાણી

**પ.ભ. મયારામભાઈ હિરાભાઈ ગામોટની પુણ્યસ્મૃતિમાં અંજાર મંદિર દ્વારા ૩ દિવસની પારાયણ અંજાર મંદિરમાં કરવામાં આવશે. જેનો પ્રારંભ તા. ૮-૯-૧૦ નવેમ્બર ૨૦૧૯ કાર્તિક સુદ ૧૧-૧૨-૧૩ ના રાખેલ છે. સૌ કોઇ હરિભક્તો સેવાનો લાભ લઇ શકશે.**

### ધર્મ સંદેશના ગ્રાહક શુલ્ક

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર તા. ૨૦ સુધીમાં મોકલવા તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# શેઠની હૂંડી




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળ મિત્રો, જય શ્રી સ્વામિનારાયણ, આજ આપણે શ્રીજીમહારાજે વચનામૃતમાં આપેલ એક દૃષ્ટાંતરૂપી વાર્તા વાંચશું અને એનો સિધ્ધાંત સમજીશું.

એક મોટું શહેર એમાં એક શેઠ રહે. દેશ વિદેશમાં એમનો વેપાર ચાલે. કેટલાય ગામોમાં એની પેઢીઓ હતી. દુકાનો હતી.

આ શેઠને ત્યાં એક માણસ નોકરી કરે. શેઠ એમને ભોલા કહીને બોલાવે. એ ભોલો સાવ અભણ. એકથી દશ સુધીની ગણતરીએ ન આવડે.

શેઠના ઘરમાં મજૂરીનું કામ કરે. ઘર સફાઇ, બગીચાની સંભાળ વગેરે નાના-મોટા કામ કર્યા કરે. અને શેઠને ઘેર ખાતો ને ત્યાં રહેતો.

આમ બે ચાર વર્ષો નીકળી ગયાં. એવામાં એક દિવસ ભોલાને દ્વારકાની યાત્રાએ જવાનું મન થયું. તેથી એણે શેઠને કહ્યું : 'શેઠ, મારે યાત્રા કરવા જવું છે અને ત્યાં સાધુ સંતોને જમાડવા છે. મને સો રૂપિયા આપો !'

શેઠે કહ્યું બહુ સારું યાત્રા કરી આવ, એમ કહી શેઠે દ્વારકાની પોતાની પેઢી ઉપર સો રૂપિયાની હૂંડી (ચેક)લખી આપ્યો.

પછી હૂંડી એ ભોલાના હાથમાં આપીને કહ્યું : 'લે આ રૂપિયા !' ભોલાએ હૂંડીનો કાગળ હાથમાં લઇ કહ્યું : શેઠજી, 'ક્યાં છે રૂપિયા ? આ તો એક કાગળ છે !' શેઠે હસીને કહ્યું : ભોલા, 'આ કાગળ નથી રૂપિયા નીકળછે આમાંથી સો રૂપીયા નીકળશે !'

ભોલાના મનથી એમ કે કાગળમાંથી રૂપિયા નીકળશે એટલે એણે કાગળને ખંખેર્યો, પણ રૂપિયા ન નીકળ્યા. ત્યારે તેણે શેઠને કહ્યું : 'શેઠ, ક્યાં છે રૂપિયા ? આમાં તો કશું નથી?'

શેઠે હસીને કહ્યું :'છે તો કાગળ જેવો કાગળ, પણ આ કાગળ નથી, રૂપિયા છે. તું દ્વારકા જઇને એ કાગળ આપણી ત્યાંની દુકાનમાં આપજે, એટલે તને રૂપિયા મળી જશે, રૂપિયા આ કાગળમાં જ છે'.

વાત અભણ ભોલાના મનમાં બેઠી નહિ. તેણે કહ્યું : 'શેઠ, આકાગળમાંથી અહીં રૂપિયા નીકળ્યા નહિ, તો દ્વારકામાં કેવી રીતે નીકળશે ? હું એટલે બધે દૂર જાઉં ને પછી તમારા કાગળમાંથી રૂપિયા નીકળે નહિ, તો મારો સાધુ-સંતોને જમાડવાનો સંકલ્પ અધૂરો રહી જાય. !'

શેઠે ઘણું સમજાવ્યો ત્યારે ભોલાને ગળે વાત ઊતરી કે હૂંડીનો કાગળ ભલે બીજા કાગળ જેવો કાગળ છે, છતાં બીજા કાગળ કરતાં થોડો જુદો છે. હૂંડીનો કાગળ એક રૂપિયાનો પણ હોઇ શકે ને લાખો રૂપિયાનો પણ હોઇ શકે છે.

પછી ભોલાએ હૂંડી (ચેક) લઇને દ્વારકા ગયો. ત્યાં શેઠની પેઢીમાં (બેન્કમાં) હુંડી આપી ને તરત જ તેને રૂપિયા મળી ગયા. હવે ભોલાને શેઠની વાત સાચી મનાઇ કે એના આપેલા કાગળમાંથી રૂપિયા નીકળે છે.,

આને કહેવાય અભણ, અભણપણું એટલે અજ્ઞાન.

શ્રીજી મહારાજ 'વચનામૃતમાં' આ એક દ્રષ્ટાંત આપી સમજાવે છે. કે કોઇ મોટો શાહુકાર હોય ને તે કોઇને હૂંડી લખી આપે ત્યારે કાગળમાં તો એકે રૂપિયો હોતો નથી. પણ રૂપિયો સાચો છે તે જ્યારે એ હૂંડી જે શાહુકારની ઉપર લખી હોય તેને મળે ત્યારે એ હૂંડીમાંથી રૂપિયાનો ઢગલો થાય છે.

તેવી રીતે સંતોની અને શાસ્ત્રોની આજ્ઞા માની જે ધર્મ પાળે, ભજન કરે, પૂજા કરે તેનું અંતે કલ્યાણ થાયે છે. અક્ષરધામમાં જાય છે. હમણાં ભલે કંઇ જણતું નથી પણ અંતે અક્ષરધામ મળે છે.

જેમ શેઠની હૂંડી (ચેક) નો વિશ્વાસ ન કરે તેને મૂર્ખ કહેવાય, તેમ સંતોના વચનનો જેને વિશ્વાસ નથી તેને મહામૂર્ખ જાણવો. એવાનો સંગ પણ રાખવો નહિ.

## -: જ્ઞાનમાળા:-

મિત્રો, વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપલક્ષ્યે. આપણે વચનામૃતને જાણીએ અને માણીએ. જ્ઞાનમાળામાં બાળકોને યોગ્ય વચનામૃત પ્રશ્નોતરી મૂકવામાં આવી છે. આજે ગ.પ્ર. ૬૦ થી ૭૮ માંથી વચનામૃતના પ્રશ્નો આપેલા છે. જવાબ શોધો.

૧. બલિરાજા પાસેથી ત્રિલોકીનું રાજય કોણે લઇ લીધું હતું ?
(અ) વિશ્વામિત્ર (બ) વામન
(ક) વશિષ્ઠ (ડ) શંકર

૨. ભગવાનના ભક્ત હોય તેને અતિશય શું પકડવું ?
(અ) માન (બ) વૈરાગ્ય
(ક) અહંકાર (ડ) ગરીબપણું

૩. શ્રીજીમહારાજે સંતોને કેવા (કોના જેવા) કહ્યા છે ?
(અ) નારદ-સનકાદિક (બ) સૂર્ય (ક) ઈન્દ્ર (ડ) વૃક્ષ

૪. સર્વે ક્રિયાનું જ્ઞાન આપે તેને શું કહે છે ?
(અ) જાદુઇ શક્તિ (બ) અદશ્ય શક્તિ
(ક) જ્ઞાનશક્તિ (ડ) ક્રિયાશક્તિ

૫. શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાન્તિક ભક્ત વિના બીજાને સમજાતા નથી આ વાક્ય કયા વચનામૃતમાં આવે છે ?
(અ) ગ.પ્ર.૬૬ (બ) કા. ૨
(ક) સા.૬ (ડ) ગ.મ.૬૬

૬. મૂર્તિ કેટલા પ્રકારની કહી છે ?
(અ) નવ (બ) દ્વાદશ
(ક) અષ્ટ (ડ) સપ્ત

૭. ધર્મ તે કેનું નામ છે. એનો શાસ્ત્રની રીતે કરીને ઉત્તર કરો આ પ્રશ્ન કોણે પૂછયો છે ?
(અ) બ્રહ્માનંદ સ્વામી (બ) શ્રીજીમહારાજ
(ક) શિવાનંદ સ્વામી (ડ) સ્વરૂપાનંદ સ્વામી


૮. બેરખ શબ્દનો શો અર્થ છે ?
(અ) જેલ (બ) સાંકળ (ક) તલવાર (ડ) સેના

૯. સત્સંગ કરે છે તેને શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે છે. કેટલામું વચનામૃત ?
(અ) ગ.મ.૫૨ (બ) જે.૫
(ક) ગ.પ્ર.૭૦ (ડ) ગ.પ્ર. ૬૯

૧૦. માતરે ધાધલે ક્યાં વચનામૃતમાં પ્રશ્ન પૂછ્યો છે ?
(અ) ગ.પ્ર. ૭૧ (બ) ગ.પ્ર. ૪૫
(ક) ગ.પ્ર. ૭૩ (ડ) ગ.પ્ર. ૨૨

## -: શબ્દ રચના :-

મિત્રો, નીચે આપેલ વાકય વાંચી વિચારી ઉપરનાં ખાનામાં આપેલા અક્ષર પરથી શબ્દો પૂર્ણ કરો.




૧ . બાળાક્ષરીનો પાંચમો અક્ષર.
૨. એક આયુધ.
૩. એક ફૂલનું નામ
૪. અગ્નિ પ્રગટાવતો પથ્થર .
૫. સ્થિર નહિ તેવું

## -: ગત અંકના જવાબો :-

૧. શું લે નહિ તો તેને શુભ ગુણની દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિ થતી જાય છે ? (અવગુણ)

૨. જનકરાજા અને નવ યોગેશ્વરનો સંવાદ ભાગવતના કયા સ્કંધમાં આવે છે ? (એકાદશ સ્કંધ)

૩. જીવને મોક્ષનું દ્વાર તે ઉઘાડું કેમ થાય ? (સાધુના પ્રસંગ)

૪. કપિલદેવ ભગવાને દેવહૂતી પ્રત્યે સાધુના પ્રસંગથી જ મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે તે વચનામૃત ? (ગ.પ્ર. ૫૪)

૫. કોના જેવી પ્રેમલક્ષણા ભક્તિ હોય તો તેના સર્વે સાધન સંપૂર્ણ થયા છે ? (ગોપીયોના)

૬. બીજા સાધન બળ તજીને કોનું રાખવું ? (ભગવાનની ઉપાસના)

૭. ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને સ્વામિનારાયણ એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે છે. વચનામૃત કેટલામું ? (ગ.પ્ર. ૫૬)

૮. શું કરીને દિવસે દિવસે ભગવાની ઉપાસનાનું બળ વૃદ્ધિ પમાડવું ? (સત્સંગ)

૯. હરિભક્ત માત્રને પ્રાતઃકાળમાં સ્નાન કરીને કોની પૂજા કરવી ? (નરનારાયણદેવ)

૧૦. વિરાટનારાયણની નાભિકમળમાંથી કોન ઉત્પન્ન થયા ? (બ્રહ્મા)

| | | | | |
|---|---|---|---|---|
| ઘ | | | | |
| પા | ઘ | | | |
| લાં | ઘ | ણ | | |
| ઘ | ન | શ્યા | મ | |
| ઘ | ર | ઘ | રા | વું |

**-: ઉખાણાં :-**

૧. રાજા મરે તો પ્રધાન ગાદીએ બેસે, અને પ્રધાન મરે તો રાજા ગાદીએ બેસે.

૨. લીલી ટોપી, કાળા ડગા, આવ્યા રે પરદેશી સગા.

૩. એક મંદિરમાં ૧૦ દીવા પ્રગટી રહ્યા છે. એક દીવો જો ૧૫ મિનિટ ચાલતો હોય, તો બધા દીવા કેટલો સમય ચાલે ?

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦૦/- સૃષ્ટિ કિશોર કેરાઈ, દૃષ્ટિ કિશોર કેરાઈ, રિધ્ધિ કિશોર કેરાઈ, માનકુવા, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૫૧/- ખુશ ગોવિંદ સેંઘાણી, નારણપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૫૧/- રોનક ગોવિંદ સેંઘાણી, નારણપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૫૦/- ચંદ્રિકા રવજી વેકરીયા, બળદીયા, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૦૧/- કરસનભાઈ ઝીણા જેસાણી ધ.પ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ. ધનબાઈ સહપરિવાર, બળદીયા, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૨૦૦/- અ.નિ. નાનજી મનજી વરસાણી પરિવાર, માનકુવા, હિંડોળા નિમિત્તે ભેટ

૧૫૧/- નીતાબેન મનોહરન ભુવા, કોઈમ્બતુર, જન્મદિવસ નિમિત્તે ભેટ

**"શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ"**
નું લવાજમની રકમ ઓનલાઈન બેન્કમાં જમા કરાવી શકો છો.
**બેન્ક ખાતાની વિગત :** બેન્ક ઓફ ઈન્ડિયા, ભુજ
**IFSC Code : BKID0003800**
**ખાતાનું નામ :** ''શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ''
**ખાતા નં. :** ૩૮૦૦૧૦૧૦૦૦૦૭૮૨૮
**નોંધ :** નાણા ભર્યા બાદ બેન્ક સ્લીપની ઝેરોક્ષ અને નાણા ભર્યા અંગેની વિગત કાર્યાલયને મોકલવી.


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ભુજ નિત્યદર્શનમ્

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, પ્રસાદિ મંદિર, અંજાર અને માંડવીમાં બિરાજતા દેવોનાં નિત્યદર્શન તથા સંતોની અમૃતવાણી વોટ્સઅપમાં ''ભુજ નિત્યદર્શનમ્'' દ્વારા ઘેર બેઠા મેળવવા માટે.



**+91 73592 50231**

આ નંબર આપના મોબાઈલમાં સેવ કરી આપનું પુરું નામ અને ગામ, વોટ્સઅપ કરવી.
જે કોમેન્ટ કરવામાં આવશે તો ગ્રુપમાંપી નિકળી જશે.

**નોંધ : આ ગ્રુપ માત્ર દર્શન માટે જ છે. તેથી કૃપા કરીને કોઈએ પણ ગ્રુપમાં કોમેન્ટ ન કરશો.**





હિંડોળા દર્શન તથા સત્સંગ સભા - પાર્લા મુંબઈ ઈસ્ટ





પ્રજાસતાકદિનની ઉજવણી તથા વૃક્ષારોપણ કરતા સંતો - સંસ્કારધામ (માંડવી)






પ્રજાસતાકદિનની ઉજવણી તથા વૃક્ષારોપણ કરતા સંતો - કન્યા વિદ્યામંદિર (ભુજ)



વાર્ષિક પાટોત્સવ, વુલ્વીચ (યુ.કે.)



વૃક્ષારોપણ કરતા જાદવજીભગત આદિ સંતો-ભુજ



હિંડોળા દર્શન - બેંગલોર

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2019/UPTO 31-12-2019

## શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર શિલાન્યાસ તથા ૪૨માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે જ્ઞાનયજ્ઞ મહોત્સવ - ઓલ્ડહામ, યુ.કે.









## શ્રી ક.સ.સ્વા. મંદિરમાં સુવર્ણ સિંહાસન જીર્ણોદ્ધાર ઉત્સવ - કેન્ટન હેરો





